॥ સનાતન પરમો ધર્મ ॥

FOR PRIVATE CIRCULATION ONLY

# સનાતન પત્રિકા

## સમાજનું મુખપત્ર



### શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)

મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ, ગુજરાત, પીન - ૩૭૦ ૬૧૫.

Phone : (02835) 222149, 292700 Fax : 221049 • E-mail : abkkpsamajoffice49@gmail.com | info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

વર્ષ : ૧ ★ અંક ૧ • તા. ૧૧ ડીસેંબર, ૨૦૧૪ • પાના - ૮ • સંચાલક - પ્રકાશક : પ્રચાર પ્રચાર સમિતિ • E-mail : kkpsamiti@gmail.com

## પ્રમુખશ્રીનો સંદેશો...

આપણી કેન્દ્રીય સમાજની ગત્ ઓગષ્ટ માસની સામાન્ય સભામાં આપ સર્વે જ્ઞાતિજનોએ મારા પર વિશ્વાસ મુકી આગામી ત્રણ વર્ષ માટે સમાજની ધુરાનું સુકાન સોપ્યું છે. તેને સાર્થક કરવા અમો સૌ સાથે મળી પ્રામાણિક પ્રયત્નો કરી મુકેલ વિશ્વાસને સાર્થક કરીશું.

આપણા સમાજની સ્થાપનાનો મૂળભૂત હેતું સમાજમાં ધાર્મિકતા આવે, અંધકારને ચીરી મુળ સનાતની જ્યોતિ સ્વરૂપનું પ્રગટ થવું. આપણો સમાજ, જે ભૂતકાળમાં અધર્મના ખોટા માર્ગે ફંટાઈ ગયો હતો. તેવે સમયે સંતશ્રી ઓધવરામજી મહારાજ તથા વડીલ શ્રી નારાયણજી રામજી લીંબાણીના અથાગ પરિશ્રમથી પાછા સનાતની ધર્મના માર્ગે આવી ગયો. આ સનાતની વિચારધારાને સમાજમાં ટકાવી રાખવી એ આપણી સૌની સહિયારી નૈતિક ફરજ છે.

નખત્રાણા ખાતેની ગત કારોબારી મીટીંગમાં સમાજના ઉત્થાન માટે તેમજ સમાજને કોરી ખાતી સમસ્યાઓના હલ માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી. આ સમિતિઓ પૈકી એક પ્રચાર-પ્રસાર સમિતિની પણ રચના કરવામાં આવેલ છે. આ સમિતિનો મુળભૂત ઉદેશ.... સમાજના દરેક સભ્યો સાથે સતત સંપર્ક બનાવીરાખી સમાજની પ્રગતિ અને ઉન્નતિમાં ભાગીદાર રહી શકે, સમાજના દરેક પ્રકારના કાર્યો કે બનતી ઘટનાની પુરેપુરી અને સાચી જાણકારી દરેક સભ્યને મળી રહે, સભ્યો પોતાના અમુલ્ય વિચારો પણ સમાજમાં આપી શકે... તેવી એક વ્યવસ્થા સમાજમાં હોવી જરૂરી છે... આ વિષયોની મહતા સમજીને સમાજની કારોબારી સભામાં નક્કી કરેલ છે કે સમાજ એક સમાચાર-પત્રિકા બહાર પાડે. તેની જવાબદારી સમાજની પ્રચાર-પ્રસાર સમિતિને સોપવામાં આવેલ છે. સમાચાર પત્રિકાની હારમાળાનું આ પ્રથમ મોતી છે તો આ સમિતિના આ ઐતિહાસિક પ્રયાસને આપ સર્વે સમાજજનો વધાવી લેશો.

સમાજની સાચી માહિતી સમાજના દરેક સભ્ય સુધી પહોચાડવાનો આ નમ્ર પ્રયાસ છે. આપ સર્વે સમાજજનો સમાજ વિરોધીઓની બનાવટી વાતો પર ભરોસો ન કરે તથા તેની વાતોના શિકાર ન બનો. સાચી હકીકતોથી માહિતગાર થશો, તોજ આપણું સનાતની સંગઠન મજબૂત થશે આને આપણે આ સમાચાર-પત્રિકા દ્વારા આપણા સમાજની ગતિવિધિઓના સત્ય અહેવાલો અને વિચારો જન-જન સુધી પહોચાડી શકીશું.

આપ સૌને ખાસ વિનંતી છે કે આ સનાતની પત્રિકાને સફળ બનાવવા સર્વે સમાજજનો આ યજ્ઞમાં તન, મન અને ધનથી આહુતિ આપશો, જેથી કરીને સનાતની યજ્ઞની જ્યોતિ સદાય ઉજ્જવળ રહે...

**આપનો સહૃદયી,**
**શ્રી ગંગારામભાઈ સાંખલા**
**પ્રમુખશ્રી, અ.ભા.ક.ક.પા. સમાજ**






## શુભેચ્છા સંદેશ

સુજ્ઞ જ્ઞાતિજનો...

આપશ્રીને તથા આપના સર્વે પરિવારજનોના નવા વર્ષના પ્રારંભે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વતી નુતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ. નવુ વર્ષ આપના પરિવારજનો તથા સ્નેહીજનો માટે નવી ઊંચાઈઓ આપનારૂ, પ્રગતિકારક, તંદુરસ્તી વધારનાર તથા સામાજીક પ્રેમ અને ભાઈચારો વધારનારૂ નીવડે તેવી કુળદેવી મા ઉમિયા અને ઈષ્ટદેવ ભગવાનશ્રી લક્ષ્મીનારાયણને પ્રાર્થના.

અનેક પડકારો આવ્યા, તેને સાથે રહી ખમ્યા અને આપણી સંસ્કૃતિના જતન માટે કેટલાય સંઘર્ષ વેઠયા, પરંતુ આપણે કયારેય તે બાબતે પાછી પાની કરી નથી. સાહસિકતા, સૌમ્યતા, શુરવીરતા, સંગઠિતતા જેવા સનાતની ગુણો આપણને સપ્તર્ષિ સમાન વડીલોએ વારસામાં આપ્યા છે, જેના જતનની સાથે યુવા પેઢીમાં તેનુ પ્રત્યારોપાણ કરવાની આપણી સૌની સહિયારી જવાબદારી છે. વૈદિક હિન્દુ સનાતની પરંપરાને ચુસ્તપણે અનુસરનાર આપણે સૌ કયાંક માર્ગ ભૂલ્યા હતા, અને ભૂલ સમજાતા મુળ માર્ગે પરત આવ્યા. હજુ કેટલાક જ્ઞાતિજનો સમજણ હોવા છતાં ખોટા પથ પર ચાલતા રહી, અંધશ્રધ્ધામાં રાચતા રહી પોતાનાઓથી જ પરાયા બની, જ્ઞાતિના નિયમોને નેવે મુકી શાંતિ ડહોળી રહ્યા છે, અને બીજાને આ ખોટા માર્ગમાં યેનકેન પ્રકારે પકડી રાખી પોતે કુદરતના ગુનેગાર બની રહ્યા છે. સત્યના માર્ગમાં મુશ્કેલી જરૂર આવશે પણ તેનું પરિણામ ચોક્કસ સુખદ હશે તેવો સૌ જ્ઞાતિજનોને વિશ્વાસ છે.

ચાલું સાલે નવનિયુકત થયેલ આપણા કેન્દ્રીય સમાજના તથા ઝોનના સર્વે હોદેદારો અને દરેક ઘટક સમાજના વડીલો દ્વારા આપણી સામાજીક પ્રણાલીને આગળ ધપાવી રહ્યા છે. હાલમાં યુવા શક્તિને પણ ટીમમાં સામેલ કરી જવાબદારીઓ સોપવામાં આવેલ છે. તે માટે સમયાંતરે યુવા અને મહિલા પાંખ સાથે ચિંતન બેઠકો યોજી આપણા સામાજીક કાર્યોમાં ગતિશીલતા લાવી તેને સમાજના જન-મન સુધી પહોચાડવાની નેમ છે. આપ સર્વે સમાજજનોએ ઉજવણીના તેમજ મુશકેલીના દરેક પ્રસંગે સમાજની પડખે રહી તન-મન-ધનથી સહયોગ આપી એકતાના દર્શન કરાવ્યા છે. છેલ્લે કારોબારી સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિતિ અભિનંદનને પાત્ર છે. જેના લીધે અમારો હોસલો બુલંદ બન્યો છે. જેમાં વિવિધ સમિતિઓની રચના કરી અટકી ગયેલા નિર્માણના તેમજ સાંપ્રત સમસ્યાઓના ઉકેલ માટે ત્વરિત નિર્ણયો લેવામાં આવેલ છે.

આપના ધાર્મિક સંસ્થાનો સંસ્કારધામ - દેશલપર અને ઉમિયાજી માતાજી સંસ્તાન-વાંઢાયના સર્વે હોદેદારો અને કાર્યકર્તાઓ સાથે તથા સમાજની તાકાત સમાન યુવાઓ અને મહિલાઓ સાથે સંકલન કરી સામાજીક કાર્યો વેગવંતા બનાવવામાં આવ્યા છે. સામાજીક પ્રવૃત્તિઓમાં આપનો પૂર્ણ સહયોગ આપી તેનો મહતમ લાભ લેવા અનુરોધ છે. વિશેષમાં સાથે રહી શ્રી સમાજે કરેલ ઠરાવોનો આદર કરીએ, અને સમાજ વિકાસ ફંડમાં દિવાળી બોણી તરીકે ફર્મ દીઠ રૂા. ૨૫૦/- કે સ્વૈચ્છિક રકમ મોકલી શ્રી સમાજને મજબુત બનાવવા સૌ જ્ઞાતિજનોને વિનંતી કરીએ છીએ.

દિપાવલી એ નાના-મોટા સૌના ઉત્સાહમાં વધારો કરનાર તહેવાર છે. નવા વર્ષે સંકલ્પ કરીએ કે અમો વ્યસન મુક્ત બનીશું. અંધશ્રદ્ધાને ત્યજીશું. સમાજના પ્રત્યેક વ્યક્તિને મદદરૂપ બનવાનો પ્રયત્ન કરી ‘‘અપને લિયે નહી લેકીન અપનો કે લિયે’’ની ભાવનાને ઉજાગર કરીશું. સામાજીક સંગઠનને મજબુત બનાવવામાં મારું યોગદાન આપી સમાજ ઋુણ અદા કરીશ. પુનઃ આપ સર્વેને નુતન વર્ષાની શુભકામનાઓ.

**અમો આપના સ્નેહાધીનો**
શ્રી ગંગારામભાઈ સાંખલા - પ્રમુખશ્રી
શ્રી માવજીભાઈ ભગત - મહામંત્રીશ્રી

## અખિલ ભારતીય મહિલા સંઘ કારોબારી સભા-આમંત્રણ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘની કારોબારી સભા તા. ૦૧-૦૨-૨૦૧૫, રવિવારના સવારે ૯.૦૦ કલાકે વિદ્યાર્થીભવન, નખત્રાણા ખાતે મહિલા સંઘના આદરણીય પ્રમુખ શ્રીમતી રૂક્ષ્મણીબેન દાનાભાઈ નાયાણીના અધ્યક્ષ સ્થાને મળશે. તો કારોબારીના સર્વે સભ્યોએ ઉપસ્થિત રહીને કાર્યવાહીમાં ભાગ લેવા નમ્ર વિનંતી.

**લિ. મહામંત્રી શ્રીમતી રમીલાબેન ખેતસીભાઈ રવાણી**

Kishore Patel
Mobile : 9310207810
9810207810

**Laxmi Lumber Industries Pvt. Ltd.**

1/34, W.H.S. Kirti Nagar, New Delhi - 110 015.
Tel.: 25111022, 25421998, 41420381 • Fax : 25467220
E-mail : kishorepatel74@gmail.com
Visit us at : httpp://www.laxmilumberindustries.com

**સ્વતંત્રતાને ચાહનારા બહુ ઓછા હોય છે. મોટાભાગના તો સ્વચ્છંદતાને ચાહનારા હોય છે.**

## શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીની કલમે

તરવરીયા યુવામિત્રો તેમજ જ્ઞાતિજનો,

જય ઉમિયા માં...

જય લક્ષ્મીનારાયણ... જય સનાતન...

આપણું શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ એટલે ભારતભરમાં વસવાટ કરતાં આપણી જ્ઞાતિના ૧૫ થી ૪૭ વર્ષના યુવાનોનું એક અનોખું સંગઠન...

વર્ષો પહેલાં આપણાં સમાજમાં દિકરીઓના લગ્ન અંગેની સમસ્યાઓ ઉદ્‌ભવતાં તે વખતના વડીલોની ચિંતાને પારખી ગયેલ ક્રાંતિકારી વિચાર ધરાવતા કેટલાક લબરમૂછિયા યુવાનો ખીમજી લખમશીની સરદારી હેઠળ એકઠા થયા અને વિકરાળ સ્વરૂપ ધારણ કરતી સામાજિક સમસ્યાને ઘડીના છઠ્ઠા ભાગમાં ઉકેલી કાઢી સમાજના ઉત્થાનમાં પોતાની ભાગીદારી નોંધાવી વડીલોને રાહત આપી.

આજ સંગઠન ઈ.સ. ૧૯૭૨માં ‘‘યુવક સંઘ’’ના નામે પહેલાં પ્રાદેશિક અને ધીરે ધીરે રાષ્ટ્રીય લેવલે મજબૂતાઈથી સમયની સાથે વડીલોના સથવારે પાંગરતું રહ્યું. જે તે સમયે નિષ્ઠાવાન કાર્યકર્તાઓએ નવા વિચારો અને પદ્ધતિઓ સાથે પહેલાં ઝોનપ્રથા દાખલ કરી સમગ્ર ભારતને ‘‘યુવા ઑલિમ્પિયાડ’’ના માધ્યમથી એક તાંતણે બાંધ્યો. વર્ષ ૨૦૦૮માં તિથલના ઘૂઘવતા દરિયા કિનારે ભારતભરનાં યુવાનો ફરી એકવાર મારો સમાજ ૨૦૫૦માં કેવો હોવો જોઈએ તેના શમણાં જોવા એકઠા થયા, પહેલા પડાવના ભાગરૂપે ૨૦૨૦ સુધીના લક્ષ્યાંકો ‘‘મિશન-૨૦૨૦’’ ના નામે નક્કી કર્યા. જેણે ૧૩ જેટલી વિવિધ થીમો (સમિતિઓ) દ્વારા સમાજના જનજનને સેતુરૂપે સાંકળી સામાજિક વિકાસ માટેની કેડી કંડારવા યુવાનોને પુનઃ આહ્‌વાન કર્યું. યુવા સંગઠનના આ માળખાંને યુવા મંડળ-રિજિયોનલ અને કેન્દ્રીય ટીમ એમ ત્રિ-સ્તરીય સ્વરૂપ આપ્યું.

આજે ભારતભરના સર્વે વડીલો અને યુવાનોએ અમો બંને ભાઈઓને પૂરી યુવા બ્રિગેડને સાથે લઈ સમાજ વિકાસમાં આગેકૂચ અને તેમાં આવતી રૂકાવટોને સાથે મળી દૂર કરવા માટેની મોટી જવાબદારી સોંપી છે ત્યારે અમારી આપ સર્વે સમાજજનો પાસે બહુ મોટી આશાઓ છે.

હાલની ૨૦૧૪-૧૬ની યુવા ટીમનો દરેક કાર્યકર્તા વ્યસન મુક્ત છે. સમાજના દરેક નાગરીક આ પ્રણાલીકા અપનાવે તેવુ ઈચ્છીએ છીએ. નાનામાં નાના યુવા મંડળના દરેક સભ્યને કેન્દ્રીય ટીમ સાથે જોડી યુવા માળખાને વધુ સંગઠીત અને મજબુત બનાવવું છે.

સમાજની દરેક મહિલાઓને ભોળપણ, છેતરપીંડી અને અંધશ્રદ્ધા થી મુક્ત કરવા અને આદર્શ ગૃહીણી થકી આદર્શ સમાજના નિર્માણમાં ખભેખભા મિલાવી કાર્ય કરવું છે.

પૂ. કેસરા પરમેશ્વરા અને પૂ. નારાયણ રામજી લીંબાણી તથા સંતશ્રી ઓધવરામજી મહારાજે કંડારી આપેલ સનાતની કેડી પર મક્કમતાથી આગળ ધપવા અને તેમાં આવતી કોઈપણ પ્રકારની અડચણો સામે સમાજના વડીલો સાથે રહી તેનો સામનો કરવા અને સુખદ અંત લાવી સ્વમાનભેર સનાતની વારસો આવનાર પેઢીને આપવા કટીબદ્ધ છીએ.

અમારા આ બે વર્ષના કાર્યકાળ દરમ્યાન આપણા સમાજને ગતિશીલતા અર્પતા જાણીતા મુખપત્રો પાટીદાર સંદેશ, પાટીદાર સૌરભ, ઉમા દર્પણ અને પાટીદાર બંધુનો સંપૂર્ણ સહકાર ઈચ્છીએ છીએ. સમાજના બૌધ્ધિકો, સારસ્વતો, મેડીકોઝ બંધુઓ, સી.એ., બિઝનેસમેનો, ઈજનેરો તથા યુવા વર્ગ પાસે યુવાસંઘને દરેક બાબતોમાં સાથ અને સહકારની મોટી અપેક્ષા છે. આપ સર્વેનું માર્ગદર્શન સમાજના સર્વાંગી વિકાસમાં બહુમુલ્ય સાબિત થશે તેવી સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે.

આપણા શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અને ભારત ભરના ઝોન સમાજો, ઘટક સમાજો ના વડીલો, માતાઓ અને યુવા વર્ગની સાથે રહી, તાલમેલ સાધી સ્વર્ણિમ સમાજના વડીલોએ દીઠેલા સ્વપ્નોને સાકાર કરવા અમારી યુવા બ્રિગેડ સદાય તત્પર રહેશે.

પુનઃ આપ સર્વેના આશીર્વાદ ઝંખીએ છીએ. અમોને સોંપેલ જવાબદારી પૂરી નિષ્ઠાથી નિભાવવાનો અમારા સદૈવ હકારાત્મક પ્રયાસ રહેશે.

એજ આપના સનાતની સૈનિકો....

**પ્રમુખશ્રી નિતીન લીંબાણી** **મહામંત્રીશ્રી ડૉ. વસંત ધોળુ**

## અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘના નવા હોદ્દેદારો

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | રૂક્ષ્મણીબેન દાનાભાઈ નાયાણી | - ત્રિચી |
| ઉપપ્રમુખ | : | સોનલબેન ઈશ્વરભાઈ શેઠીયા | - નખત્રાણા |
| ઉપપ્રમુખ | : | પાર્વતીબહેન વિશ્રામભાઈ દિવાણી | - સિકંદરાબાદ |
| ઉપપ્રમુખ | : | કમળાબેન શીવજીભાઈ લીંબાણી | - તલોદ |
| મહામંત્રી | : | રમીલાબેન ખેતશીભાઈ રવાણી | - નાસીક |
| મંત્રી | : | શીલાબેન બાબુભાઈ ભગત | - બેંગલોર |
| મંત્રી | : | જશોદાબેન શાંતિલાલ નાકરાણી | - ગોવા |
| મંત્રી | : | લીલાબેન મોહનભાઈ ચોપડા | - મુંબઈ |
| ખજાનચી | : | જયશ્રીબેન ખીમજીભાઈ ધોળુ | - ભુજ |
| સહ ખજાનચી | : | ગંગાબેન હરિભાઈ ધોળુ | - નાગલપર |

With Best Compliments From

C. K. Pokar
Director
+91 9867592356

K.N. POKAR CONSTRUCTIONS PVT. LTD.

BUILDERS • DEVELOPERS • CONTRACTORS & ENGINEER

Corporate Off.: 2, A/1, Harekrishna Apt., L.B.S. Road, Ghatkopar (W), Mumbai - 400 086. Tel.: 25142397 • 25159890 • Fax : 25167672
Email : knpokar@yahoo.com • info@knpokar.com • Web : www.knpokar.com

Regd. Office : 3, Ketki, New Maneklal Estate, Ghatkopar (W), Mumbai - 400 086. • Tel.: 25119696

## શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ-૨૦૧૪-૧૬ના સુકાનીઓ

### મુખ્ય હોદ્દેદારશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| પ્રમુખશ્રી | નિતિન લિંબાણી | હોસુર | ૯૪૪૩૩૭૭૮૧૨ |
| પૂર્વ પ્રમુખશ્રી | માવજી દિવાણી | નાશિક | ૯૪૨૩૯૬૮૩૬૩ |
| ઉપપ્રમુખશ્રી | રવિ ધોળુ | ગોવા | ૯૮૨૨૧૨૩૪૬૦ |
| મહામંત્રીશ્રી | ડૉ. વસંત ધોળુ | તલોદ | ૯૪૨૬૪૦૫૪૭૮ |
| પ્રવકતાશ્રી | ડૉ. વિઠ્ઠલ ભાવાણી | અમદાવાદ | ૯૩૨૭૧૫૨૯૬૭ |
| ટ્રેઝરરશ્રી | મનિષ રૂડાણી | બેંગ્લોર | ૯૪૪૮૩૮૬૫૮૪ |
| કાઉ. પ્રમુખશ્રીઓ | નટવર સામાણી | નાગપુર | ૯૪૨૨૦૨૧૮૮૯ |
| | મંગલ રવાણી | ઔરંગાબાદ | ૯૪૨૩૪૫૫૧૧૧ |
| | હરસુખ રામાણી | અમદાવાદ | ૯૯૦૯૯૫૬૭૪૦ |
| | પરેશ માવાણી | થાણ | ૯૩૨૨૬૭૪૪૮૦ |
| | રજની નાકરાણી | ઈન્દોર | ૯૨૨૯૧૯૮૫૦૭ |
| | નરેન્દ્ર ચૌધરી | હૈદ્રાબાદ | ૯૮૮૫૫૭૦૦૦૨ |
| સહમંત્રીશ્રી | ગૌતમ હળપાણી | બોરસદ | ૯૪૨૭૦૬૨૦૬૭ |
| કાઉ. મંત્રીશ્રીઓ | ધર્મેન્દ્ર પોકાર | ઈન્દોર | ૯૮૯૩૦૨૩૧૦૦ |
| | વસંત ભાવાણી | રાયપુર | ૯૮૨૬૯૯૩૩૩૯ |
| | છગન ધનાણી | નખત્રાણા | ૯૪૨૬૧૭૨૬૯૫ |
| | મુકેશ કાલરીયા | પાટણ | ૯૪૨૮૬૬૫૧૦૯ |
| | અંજુ ધોળુ | મુંબઈ | ૯૭૬૯૨૨૩૯૯૯ |
| | હરી રૂડાણી | ચેન્નઈ | ૯૪૪૪૪૪૪૮૩૪ |
| સહ.ટ્રેઝરરશ્રી | જગદીશ ચૌહાણ | દિલ્હી | ૯૮૧૧૮૩૭૦૪૧ |

### મિશન-૨૦૨૦ની સમિતિના કર્ણધારો

| | | | |
|---|---|---|---|
| યુવા સુરક્ષા કવચ | અમૃત નાકરાણી | અંકલેશ્વર | ૯૮૨૫૦૪૩૦૫૬ |
| વેબકોમ | હરેશ રામાણી | બારડોલી | ૯૮૨૫૧૩૩૪૦૪ |
| શિક્ષણ-પ્રતિભા શોધ | કિરીટ પોકાર | તલોદ | ૯૪૨૭૮૧૫૩૪૩ |
| બિઝનેશ સેલ | પરસોત્તમ છાભૈયા | રાયપુર | ૯૩૨૯૧૦૨૨૧૪ |
| યુવા ઉત્કર્ષ | દિનેશ રૂડાણી | લંજા | ૯૪૨૨૪૨૬૨૬૬ |
| રમત-ગમત | પંકજ પારસીયા | નરોડા | ૯૪૨૯૧૨૩૭૦૯ |
| હેલ્થ-ડિઝાસ્ટર | હિંમત વાઘડીયા | વડોદરા | ૯૪૨૭૦૫૪૦૪૧ |
| કૃષિ-પર્યાવરણ | ભરત સુરાણી | મોડાસા | ૯૪૨૬૫૪૯૬૨૦ |
| સામાજીક-આધ્યામિક | કવિતા લીંબાણી | ગોધરા | ૭૪૦૫૦૭૩૩૬૦ |
| રાજકીય/લીડરશીપ | જગદીશ દિવાણી | રાયપુર | ૯૮૨૬૮૧૨૫૯૯ |
| પ્રચાર પ્રસાર | ડૉ. વિઠ્ઠલ ભાવાણી | અમદાવાદ | ૯૩૨૭૧૫૨૯૬૭ |
| સગપણ સંબંધિ | અમૃત ચૌહાણ | મહાડ | ૯૪૨૨૦૯૫૮૨૪ |
| ફંડ આયોજન | મનિષ રૂડાણી | બેંગ્લોર | ૯૪૪૮૩૮૬૫૮૪ |

### ભારતભરના વિવિધ રીજિયનોના કર્ણધારો

| રીજીયન | ચેરમેનશ્રી | મહામંત્રીશ્રી |
|---|---|---|
| **ફોરેસ્ટ કાઉન્સિલ** | | |
| છત્તીસગઢ | જયંતિ નાકરાણી-રાયપુર | કિશોર નાકરાણી-રાયપુર |
| મધ્યેપ્રદેશ | નરેન્દ્ર લીંબાણી-સાગર | નવિન લીંબાણી-સાગર |
| વિદર્ભ | ધિરજ પોકાર-ભંડારા | નિશાંત રામાણી-નાગપુર |
| **ગંગાસાગર કાઉન્સિલ** | | |
| ઓરિસ્સા | ઈશ્વર રૂડાણી-ભુવનેશ્વર | વિનોદ લીંબાણી-ભુવનેશ્વર |
| નવચેતન | જવાહર રૂડાણી-કલકત્તા | પરેશ ધનાણી-કલકત્તા |
| સ્વામિ વિવેકાનંદ | શંકર સામાણી-ઉખરા | વિનોદ ધોળુ-પત્રાસાયેર |
| **ગ્રીનલેન્ડ કાઉન્સિલ** | | |
| કચ્છ | શૈલેષ પોકાર-નખત્રાણા | નરસિંહ ભીમાણી-રત્નાપર |
| સાબર | ભરત છાભૈયા-દહેગા | રાજુ સુરાણી-મોડાસા |
| ઉત્તર ભારત | શ્યામ છાભૈયા-જયપુર | જાદવજી સાંખલા-દિલ્હી |
| ઉત્તર ગુજરાત | જેઠાલાલ નાકરાણી-ખળી | ચંદ્રકાન્ત પોકાર-કલોલ |
| **નર્મદા કાઉન્સિલ** | | |
| દક્ષિણ ગુજરાત | જયેશ ભાવાણી-સુરત | ગૌતમ ધોળુ-કડોદરા |
| મહાત્મા ગાંધી | પ્રવિણ રૂડાણી-અમદાવાદ | મધુસુદન લીંબાણી-અમદાવાદ |
| સરદાર પટેલ | મોહન ધોળુ-પેટલાદ | પરસોત્તમ વેલાણી-કપડવંજ |
| **ઓસન કાઉન્સિલ** | | |
| છત્રપતિ શિવાજી | નરસિંહ ભાવાણી-ચિંચવડ | વસંત સાંખલા-પુના |
| દક્ષિણ મહા. ગોવા | જગદીશ નાકરાણી-ગોવા | દિપક લીંબાણી-ગોવા |
| મધ્ય મહારાષ્ટ્ર | કાન્તિ સાંખલા-સિન્નર | રમેશ વાસાણી-નાશિક |
| મુંબઈ | મનસુખ વાસાણી-મુંબઈ | રાજેશ વેલાણી-મુંબઈ |
| **રામસેતુ કાઉન્સિલ** | | |
| દક્ષિણ ભારત | જીતેન્દ્ર જાદવાણી-કડલુર | અમૃત ભાવાણી-કોઈમ્બતુર |
| તેલંગાણા એ.પી. | મોહન છાભૈયા-હૈદ્રાબાદ | દિપક દિવાણી-હૈદ્રાબાદ |
| દક્ષિણ કર્ણાટકા | નરસિંહ પોકાર-બેંગ્લોર | પ્રતાપ લીંબાણી-બેંગ્લોર |
| ઉત્તર કર્ણાટકા | મનસુખ પોકાર-રાયપુર | વિનોદ ભાવાણી-બેલગામ |

**શરીર માટે જેમ અન્ન અનિવાર્ય છે તેમ આત્મા માટે પ્રાર્થના અનિવાર્ય છે.**

# શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ કારોબારી સભ્યોની નામાવલી (૨૦૧૪-૧૭ સુધી)

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટ્રસ્ટીશ્રી | રામજીભાઈ કરમશી નાકરાણી | રાયપુર | ૯૫૭૯૦૩૮૬૬૬ |
| ૨. | ટ્રસ્ટીશ્રી | વાલજીભાઈ નારણ ભગત | નાગપુર | ૯૫૭૯૦૦૩૮૬૬ |
| ૩. | ટ્રસ્ટીશ્રી | લક્ષ્મણભાઈ નાનજી ચૌહાણ | નવી દિલ્હી | ૯૮૧૦૩૦૧૪૩૩ |
| ૪. | ટ્રસ્ટીશ્રી | મનસુખભાઈ વિશ્રામ રૂડાણી | અમદાવાદ | ૯૩૨૭૦૧૩૩૯૦ |
| ૫. | ટ્રસ્ટીશ્રી | દેવજીભાઈ રામજી ભાવાણી | સુરત | ૯૪૨૬૮૯૧૭૦૭ |
| ૬. | ટ્રસ્ટીશ્રી | ધનજીભાઈ મનજી છાભૈયા | બેંગલોર | ૯૯૦૦૧૮૧૮૬૫ |
| ૭. | ટ્રસ્ટીશ્રી | પન્નાલાલ કરસન નાયાણી | રાયપુર | ૯૪૨૫૫૦૬૭૦૦ |
| ૮. | ટ્રસ્ટીશ્રી | જશવંતભાઈ દેવજી સાંખલા | ઘડુલી | ૯૮૭૯૧૫૦૦૫૮ |
| ૯. | ટ્રસ્ટીશ્રી | શાન્તીલાલ પ્રેમજી દિવાણી | રાયણ મોટી | ૯૯૧૩૧૧૪૦૮૪ |
| ૧૦. | ટ્રસ્ટીશ્રી | છગનલાલ નાનજી રામજીયાણી | મુંબઈ | ૯૮૨૧૧૩૪૬૯૫ |
| ૧૧. | ટ્રસ્ટીશ્રી | ગંગારામભાઈ શીવદાસ રામાણી | ભુજ | ૯૪૨૬૪૯૦૧૪૯ |
| ૧૨. | પ્રમુખશ્રી | ગંગારામભાઈ હીરાલાલ સાંખલા | નવી દિલ્હી | ૯૩૧૧૨૫૧૦૯૦ |
| ૧૩. | ઉપપ્રમુખશ્રી | મણીલાલ હીરજી ભગત | બીદડા | ૯૮૨૫૯૫૧૪૦૧ |
| ૧૪. | ઉપપ્રમુખશ્રી | ગોપાલભાઈ વાલજી ભાવાણી | કોલ્હાપુર | ૯૪૨૨૦૪૪૬૭૭ |
| ૧૫. | ઉપપ્રમુખશ્રી | મોહનભાઈ શીવજી ઘોળુ | નાગલપર | ૯૮૨૫૭૭૫૭૭૦ |
| ૧૬. | મહામંત્રીશ્રી | માવજીભાઈ કેસરા ભગત | ભુજ | ૯૮૨૫૨૬૭૯૩૪ |
| ૧૭. | મંત્રીશ્રી | વાલજીભાઈ હીરજી ચૌહાણ | દહાણુ રોડ | ૯૪૨૨૦૭૬૩૮૯ |
| ૧૮. | મંત્રીશ્રી | પ્રવિણભાઈ નારણ ઘોળુ | નાગલપર | ૯૮૨૫૭૩૦૫૭૭ |
| ૧૯. | મંત્રીશ્રી | પરસોત્તમભાઈ ભગત | અંકલેશ્વર | ૯૮૨૪૫૩૩૧૦૦ |
| ૨૦. | ખજાનચીશ્રી | લાલજીભાઈ હંશરાજ રામાણી | નખત્રાણા | ૯૪૨૭૪૫૦૫૯૯ |
| ૨૧. | ઓડીટરશ્રી | અબજીભાઈ વિશ્રામ કાનાણી | નવી મુંબઈ | ૯૩૨૧૩૨૨૨૨૪ |
| ૨૨. | ઓડીટરશ્રી | ગંગારામભાઈ ભાણજી લીંબાણી | અમદાવાદ | ૯૯૨૫૦૧૯૫૨૩ |
| ૨૩. | ઓડીટરશ્રી | ડાહ્યાભાઈ હીરજી રામાણી | અમદાવાદ | ૯૮૨૫૩૪૬૧૬૩ |
| ૨૪. | કારોબારી સભ્ય | કરસનભાઈ શામજી સેંઘાણી | સુરત | ૯૪૨૮૪૦૯૧૬૬ |
| ૨૫. | કારોબારી સભ્ય | નરસિંહભાઈ નારણ સાંખલા | અમદાવાદ | ૯૮૨૫૨૪૩૫૫૭ |
| ૨૬. | કારોબારી સભ્ય | ભગવાનદાસ શામજી ઘોળુ | નાગલપર | ૯૪૨૭૨૬૬૧૧૮ |
| ૨૭. | કારોબારી સભ્ય | દેવજીભાઈ માધવજી નાકરાણી | જોરાવરનગર | ૯૮૨૫૭૩૮૦૧૦ |
| ૨૮. | કારોબારી સભ્ય | નારણભાઈ ખેતા રૂડાણી | કલકતા | ૯૮૩૧૧૭૫૫૨૧ |
| ૨૯. | કારોબારી સભ્ય | મુળજીભાઈ કરમશી ચૌધરી | ભીવંડી | ૯૮૯૦૨૫૫૭૩૪ |
| ૩૦. | કારોબારી સભ્ય | બાબુલાલ વાલજી ભગત | બેંગલોર | ૯૮૪૪૦૬૬૭૬૬ |
| ૩૧. | કારોબારી સભ્ય | મહેન્દ્રભાઈ જીવરાજ સેંઘાણી | મુંબઈ | ૯૩૨૨૨૩૩૫૨૭ |
| ૩૨. | કારોબારી સભ્ય | પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી | નવી મુંબઈ | ૯૯૩૦૨૩૩૩૬૩ |
| ૩૩. | કારોબારી સભ્ય | અર્જુનભાઈ હીરજી સાંખલા | બેંગલોર | ૯૪૪૮૨૭૩૩૭૫ |
| ૩૪. | કારોબારી સભ્ય | પ્રિ. રતીલાલ લધા છાભૈયા | તલોદ | ૯૮૯૮૨૬૫૪૪૫ |
| ૩૫. | કારોબારી સભ્ય | જગદિશભાઈ શામજી વાસાણી | વડાગામ | ૯૪૨૬૦૬૦૮૦૬ |
| ૩૬. | કારોબારી સભ્ય | દિનેશભાઈ મનજી સાંખલા | મુંબઈ | ૯૮૨૦૧૩૧૩૫૩ |
| ૩૭. | કારોબારી સભ્ય | ઉમેશભાઈ ડાયાલાલ નાથાણી | મુંબઈ | ૯૮૨૦૧૩૫૦૯૦ |
| ૩૮. | કારોબારી સભ્ય | હંશરાજભાઈ કચરા દિવાણી | વિશાખાપટનમ | ૯૦૧૦૧૬૪૪૮૮ |
| ૩૯. | કારોબારી સભ્ય | દયારામભાઈ લધ્ધારામ કાલરીયા | વિગોડી | ૯૪૨૭૪૩૦૬૧૮ |
| ૪૦. | કારોબારી સભ્ય | ડૉ. શાન્તીલાલ મેઘજી સેંઘાણી | નખત્રાણા | ૯૪૨૬૭૩૦૦૫૫ |
| ૪૧. | કારોબારી સભ્ય | રતિલાલ પ્રેમજી ખેતાણી | વિથોણ | ૯૮૭૯૪૪૯૧૪૯ |
| ૪૨. | કારોબારી સભ્ય | ડાહ્યાભાઈ નારાણ સેંઘાણી | નખત્રાણા | ૯૮૨૫૩૩૯૧૬૨ |
| ૪૩. | કારોબારી સભ્ય | કેશવલાલ દામજી લીંબાણી | કલ્યાણ | ૯૮૧૯૫૬૬૪૨૨ |
| ૪૪. | કારોબારી સભ્ય | જીવરાજભાઈ રામજી રામાણી | નાગપુર | ૯૭૬૬૬૩૨૪૨૧ |
| ૪૫. | કારોબારી સભ્ય | ભીમજીભાઈ લાલજી સેંઘાણી | નાગપુર | ૯૮૨૩૨૭૮૮૫૬ |
| ૪૬. | કારોબારી સભ્ય | મણીલાલ કેશરા માવાણી | વરઝડી | ૯૯૭૯૫૭૪૧૨૨ |
| ૪૭. | કારોબારી સભ્ય | ચન્દ્રકાન્ત કાન્તીલાલ છાભૈયા | મુંબઈ | ૯૮૩૩૬૧૮૦૯૯ |
| ૪૮. | કારોબારી સભ્ય | ભવનભાઈ હરિભાઈ લીંબાણી | મુંબઈ | ૯૮૨૦૦૮૨૯૬૯ |
| ૪૯. | કારોબારી સભ્ય | હીરાલાલ વાલજી પારસીયા | મુંબઈ | ૯૮૧૯૧૫૦૫૬૭ |
| ૫૦. | કારોબારી સભ્ય | કિશોરભાઈ ખીમજી લીંબાણી | કલકતા | ૯૪૩૩૩૭૧૦૮૬ |
| ૫૧. | કારોબારી સભ્ય | મગનલાલ કેશરા ભીમાણી | કલ્યાણપર | ૯૪૨૭૭૬૦૫૫૦ |
| ૫૨. | કારોબારી સભ્ય | વસંતભાઈ નથુરામ ચોપડા | જીયાપર | ૯૦૯૯૦૭૨૩૨૦ |
| ૫૩. | કારોબારી સભ્ય | વલ્લભભાઈ માધવજી છાભૈયા | ગઢશીશા | ૯૮૨૫૮૫૦૯૭૨ |
| ૫૪. | કારોબારી સભ્ય | છગનભાઈ વીરજી સાંખલા | અંકલેશ્વર | ૯૮૨૪૧૪૭૧૫૦ |
| ૫૫. | કારોબારી સભ્ય | પ્રકાશભાઈ હરજી માવાણી | મુંબઈ | ૯૯૮૭૦૪૪૪૫૬ |

# શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રચીત ૨૯ ઝોનના ૮૧ પ્રતિનિધીઓની નામાવલી (૨૦૧૪-૨૦૧૭ સુધી)

| ક્ર. | ઝોનનું નામ | ઝોન પ્રતિનિધીનું નામ | ગામ | મોબાઈલ |
|---|---|---|---|---|
| ૫૭. | તામીલનાડુ | રવજીભાઈ ભીમજી ભાદાણી (પ્રમુખ) | ચેન્નૈઈ | ૯૩૮૧૭૯૧૨૫૧ |
| ૫૮. | (કેરલા) | મુકેશ ધનજી હળપાણી (મહામંત્રીશ્રી) | હોશુર | ૯૪૪૩૨૬૬૫૭૨ |
| ૫૯. | | શીવગણભાઈ ખેતા વાસાણી (ઉપપ્રમુખ) | સિંગોટા | ૯૪૪૩૩૭૩૨૭૧ |
| ૬૦. | આંધ્રપ્રદેશ | રામજીભાઈ કેસરા રામાણી | હૈદ્રાબાદ | ૯૮૪૮૦૨૪૧૦૧ |
| ૬૧. | | દયારામભાઈ મેઘજી દિવાણી | હૈદ્રાબાદ | ૯૯૪૯૯૩૩૫૫૭ |
| ૬૨. | | મોહનલાલ ધનજી શીરવી | રામયનપેટ | ૯૪૪૦૦૩૩૪૯૧ |
| ૬૩. | | ઝવેરીલાલ દેવજી ભગત | વિશાખાપટ્નમ | ૯૯૪૯૧૯૦૨૪૭ |
| ૬૪. | ઉત્તર કર્ણાટક | વિનયકાંત પ્રેમજી રવાણી (પ્રમુખ) | લોકાપુર | ૯૪૪૮૦૨૫૬૩૨ |
| ૬૫. | | દેવશી વાલજી પોકાર (મહામંત્રી) | જામખડી | ૯૪૪૮૮૭૬૪૦૮ |
| ૬૬. | | મગનભાઈ પ્રેમજી પોકાર (સભ્ય) | બેલગામ | ૯૪૪૮૧૪૩૬૭૦ |
| ૬૭. | દક્ષિણ કર્ણાટક | ખીમજી પ્રેમજી પોકાર (પ્રમુખ) | બેંગલોર | ૯૮૪૪૧૫૬૬૪૩ |
| ૬૮. | | વસંતલાલ કેશવલાલ ગોરાણી (મહામંત્રી) | ઉડપી | ૯૮૪૫૨૩૦૩૦૧ |
| ૬૯. | | મણીલાલ ભીમજી પોકાર (સભ્ય) | બેંગલોર | ૯૪૮૨૦૧૨૧૨૫ |
| ૭૦. | છતીસગઢ | નાનજીભાઈ શામજી રામાણી (પ્રમુખ) | કોરબા | ૯૮૨૭૯૩૮૯૭૯ |
| ૭૧. | | ભીમજી મણીલાલ સામાણી (મહામંત્રી) | બીલાસપુર | ૯૪૨૫૫૦૩૧૪૦ |
| ૭૨. | | કાંતીભાઈ માવજી લીંબાણી (ઉપપ્રમુખ) | રાયપુર | ૯૪૨૫૨૦૨૭૪૩ |
| ૭૩. | ઓરિસા | કેશવલાલ રતનશી નાકરાણી (પ્રમુખ) | કટક | ૯૪૩૭૧૯૧૫૬૧ |
| ૭૪. | | ચંદુભાઈ ગોપાલ ખેતાણી (મહામંત્રી) | કટક | ૯૪૩૮૪૧૧૦૩૦ |
| ૭૫. | | પુરૂષોત્તમ લધાભાઈ લીંબાણી (સભ્ય) | સમ્બલપુર | ૯૪૩૭૦૭૭૧૦૫ |
| ૭૬. | આસનશોલ | મણીલાલ ડાહ્યા પોકાર (પ્રમુખ) | રાનાઘાટ | ૯૫૩૭૫૪૩૫૩૬ |
| ૭૭. | | મણીલાલ દેવશી છાભૈયા (મહામંત્રી) | સીતારામપુર | ૯૪૩૪૦૨૫૪૯૬ |
| ૭૮. | | હરિલાલ અરજણ પોકાર (સભ્ય) | મધુપુર | ૯૪૩૦૩૬૯૩૮૫ |
| ૭૯. | પશ્ચિમ બંગાલ | જયંતીલાલ કરમશી ચોપડા (પ્રમુખ) | કોલકાતા | ૯૪૩૩૦૧૭૫૯૨ |
| ૮૦. | | અમૃતલાલ વેલજી પારસીયા (મહામંત્રી) | કોલકાતા | ૯૪૩૩૧૯૨૨૭૩ |
| ૮૧. | | વાલજીભાઈ પ્રેમજી રૂડાણી (સભ્ય) | કોલકાતા | ૯૮૩૦૩૩૯૫૪૪ |
| ૮૨. | બીહાર-ઝારખંડ | તુલસીભાઈ વિરજી ગોગારી (પ્રમુખ) | રાંચી | ૯૪૩૧૧૦૯૨૦૦ |
| ૮૩. | | રામજીભાઈ કાનજી મેઘાણી (મહામંત્રી) | રાંચી | ૯૪૩૧૫૮૩૯૩૩ |
| ૮૪. | (મધ્ય પ્રદેશ | શાન્તિલાલ દેવજી નાકરાણી (પ્રમુખ) | ઈન્દોર | ૯૪૨૫૦૮૫૫૨૯ |
| ૮૫. | માલવા) | જયેન્દ્રકુમાર છગન માકાણી (મહામંત્રી) | ઈન્દોર | ૯૮૨૬૧૮૬૮૬૫ |
| ૮૬. | (મધ્ય પ્રદેશ | શન્તિલાલ ગંગારામ નાકરાણી (પ્રમુખ) | ઈન્દોર | ૯૪૨૫૦૮૫૫૨૯ |
| ૮૭. | માકોશલ) | શિવગણ શીવજી છાભૈયા (મહામંત્રી) | જબલપુર | ૯૪૨૫૮૩૭૯૧૮ |
| ૮૮. | ઉત્તર ભારત | વાલજીભાઈ દેવશી માંકાણી (પ્રમુખ) | નવી દિલ્હી | ૯૮૧૦૧૨૦૬૩૪ |
| ૮૯. | | અમૃતભાઈ નારણ પોકાર (મહામંત્રી) | નવી દિલ્હી | ૯૮૧૦૧૨૨૯૩૩ |
| ૯૦. | રાજસ્થાન | નાનજીભાઈ રામજી પોકાર (પ્રમુખ) | ઉદયપુર | ૯૪૧૪૧૬૧૩૦૦ |
| ૯૧. | | વિરચંદ માવજી પોકાર (મહામંત્રી) | જોધપુર | ૯૩૫૧૩૨૨૫૯૭ |
| ૯૨. | બૃહદ મુંબઈ | છગનભાઈ કાનજી પોકાર (પ્રમુખ) | મુંબઈ | ૯૮૬૭૩૯૨૩૫૬ |
| ૯૩. | | મહેશભાઈ ધનજી વેલાણી (મહામંત્રી) | મુંબઈ | ૯૮૨૧૨૩૧૭૩૧ |
| ૯૪. | | કાંતીભાઈ હરિભાઈ લીંબાણી (સભ્ય) | મુંબઈ | ૯૮૨૦૫૪૦૮૯૩ |
| ૯૫. | | રતીલાલ હંશરાજ ઉકાણી (સભ્ય) | મુંબઈ | ૯૮૨૦૭૨૭૩૩૯ |
| ૯૬. | | નવીનભાઈ ડાહ્યા ઘોળુ (સભ્ય) | મુંબઈ | ૯૮૬૭૭૪૮૦૭૮ |
| ૯૭. | | રામજીભાઈ માવજી બાથાણી (સભ્ય) | ભીવંડી | ૯૩૨૫૦૩૮૦૦૦ |
| ૯૮. | વિર્દભ | વાલજીભાઈ અબજી દિવાણી (પ્રમુખ) | નાગપુર | ૯૪૨૨૮૦૧૪૩૮ |
| ૯૯. | | રમેશભાઈ સોમજી લીંબાણી (મહામંત્રી) | નાગપુર | ૯૪૨૨૮૦૧૬૯૫ |
| ૧૦૦. | | ધીરજલાલ દેવજી ભાવાણી (ઉપપ્રમુખ) | અમરાવતી | ૯૮૨૩૦૩૮૫૦૩ |
| ૧૦૧. | મધ્ય મહારાષ્ટ્ર | ડાયાલાલ હિરાલાલ દિવાણી (પ્રમુખ) | કોપરગાંવ | ૯૮૬૦૦૨૪૧૦૦ |
| ૧૦૨. | | જીવરાજ કરમશી ચૌહાણ (મહામંત્રી) | ઓરંગાબાદ | ૯૮૨૨૦૭૮૯૮૦ |
| ૧૦૩. | | ખેતશીભાઈ લખમશી રવાણી (સભ્ય) | નાશિક | ૯૮૨૨૦૪૬૭૪૭ |
| ૧૦૪. | | શંકરભાઈ રાજારામ લીંબાણી (સભ્ય) | જલગાંવ | ૯૮૨૩૦૪૪૨૬૯ |
| ૧૦૫. | (દ.મહારાષ્ટ્ર | મનુભાઈ કાનજી નાકરાણી (પ્રમુખ) | ફલટણ | ૯૪૨૩૮૦૨૬૧૩ |
| ૧૦૬. | ગોવા) | રતિલાલ મનજી સાંખલા (મહામંત્રી) | સાંગલી | ૯૪૨૩૦૩૬૭૭૦ |
| ૧૦૭. | પુના | પુરૂષોત્તમભાઈ લાલજી પોકાર (પ્રમુખ) | પુના | ૯૪૨૫૫૦૬૭૦૦ |
| ૧૦૮. | | પુરૂષોત્તમ ખીમજી પોકાર (મહામંત્રી) | પુના | ૯૮૯૦૯૦૭૦૮૩ |
| ૧૦૯. | દક્ષિણ ગુજરાત | ભાણજીભાઈ વાલજી પોકાર (પ્રમુખ) | કડોદરા | ૯૮૨૪૧૩૪૧૦૧ |
| ૧૧૦. | | રમેશ વાલજી પારસીયા (મહામંત્રી) | સુરત | ૯૯૨૫૮૧૧૧૭૭ |
| ૧૧૧. | | ઘનશ્યામ ભાણજી લીંબાણી (સભ્ય) | અંકલેશ્વર | ૯૪૨૭૧૩૧૨૪૧ |
| ૧૧૨. | | મગનભાઈ ગોવિંદ રામાણી (સભ્ય) | બારડોલી | ૯૪૨૬૧૦૭૨૭૫ |
| ૧૧૩. | મધ્ય ગુજરાત | તેજાભાઈ વેલજી નાકરાણી (પ્રમુખ) | આણંદ | ૯૮૨૫૩૭૪૮૫૩ |
| ૧૧૪. | | અમૃત લખુભાઈ માકાણી (મહામંત્રી) | બોરસદ | ૯૮૨૫૪૬૭૭૭૧ |
| ૧૧૫. | | ધનજીભાઈ દામજી સાંખલા | નડીયાદ | ૯૯૨૫૦૩૧૫૨૩ |
| ૧૧૬. | અમદાવાદ શહેર | બાબુ મનજી માકાણી (પ્રમુખ) | અમદાવાદ | ૭૬૦૦૦૦૧૩૪૩ |
| ૧૧૭. | | મણીભાઈ વિશ્રામ લીંબાણી (મહામંત્રી) | અમદાવાદ | ૯૮૨૫૦૪૩૫૫૭ |
| ૧૧૮. | | રણછોડ નાનજી પોકાર (ઉપપ્રમુખ) | અમદાવાદ | ૯૮૨૫૦૪૮૪૯૭ |
| ૧૧૯. | | જયંતિ પરબત પોકાર (ઉપપ્રમુખ) | અમદાવાદ | ૯૭૧૨૩૬૬૫૫૫ |
| ૧૨૦. | ઉત્તર ગુજરાત | લખમશી દેવજી સાંખલા (પ્રમુખ) | કલોલ | ૯૮૯૮૭૧૬૮૫૮ |
| ૧૨૧. | | ભવાન રતનશી પોકાર (મહામંત્રી) | કલોલ | ૯૮૨૫૦૪૮૭૨૧ |
| ૧૨૨. | | રવજીભાઈ સોમજી ચૌધરી | નંદાસણ | ૯૮૨૫૮૫૩૩૭૬ |
| ૧૨૩. | ઉત્તર સાબરકાંઠા | શાન્તીલાલ કરસન નાકરાણી (પ્રમુખ) | તલોદ | ૯૪૨૬૩૬૫૭૪૮ |
| ૧૨૪. | | જેઠાભાઈ રામજી હળપાણી (મહામંત્રી) | નવાનગર | ૯૪૨૭૪૫૫૯૬૩ |
| ૧૨૫. | દ. સાબરકાંઠા | અમૃતભાઈ સામજી ભાવાણી (પ્રમુખ) | એદલપુરા | ૯૪૨૮૦૬૧૬૬૦ |
| ૧૨૬. | | રવિલાલ વાલજી પારસીયા (મહામંત્રી) | બાયડ | ૯૪૨૬૦૧૩૭૫૦ |
| ૧૨૭. | સૌરાષ્ટ્ર | ચંન્દ્રકાન્ત ભીમજી સેંઘાણી (પ્રમુખ) | જશદણ | ૯૮૨૪૨૨૮૭૬૭ |
| ૧૨૮. | | બાબુ લખમશી વાસાણી (મહામંત્રી) | સુરેન્દ્રનગર | ૯૪૨૭૩૯૪૪૫૬ |
| ૧૨૯. | | લીલાધર પરબત પજવાણી (સભ્ય) | વેરાવળ | ૯૮૨૫૭૪૭૧૮૯ |
| ૧૩૦. | નખત્રાણા | સુરેશ ઈશ્વરલાલ કાનજીયાણી (પ્રમુખ) | વિરાણી મોટી | ૯૪૨૬૪૮૧૦૧૧ |
| ૧૩૧. | | હિરાલાલ હંશરાજ ધનાણી (મહામંત્રી) | નખત્રાણા | ૯૪૨૭૨૩૫૯૧૮ |
| ૧૩૨. | લખપત | પુરૂષોત્તમભાઈ વિશ્રામ રવાણી (પ્રમુખ) | નેત્રા | ૯૪૨૬૫૯૧૮૯૬ |
| ૧૩૩. | | હિંમતલાલ કાનજી પોકાર (મહામંત્રી) | વાલ્કા મોટા | ૯૪૨૭૪૫૦૨૧૨ |
| ૧૩૪. | માંડવી | દામજીભાઈ હીરજી વાસાણી (પ્રમુખ) | ભુજ | ૯૮૭૯૫૨૯૧૫૮ |
| ૧૩૫. | | ડાયાલાલ જેઠા માવાણી | વરઝડી | ૯૮૭૯૨૬૬૧૧૮ |
| ૧૩૬. | ભુજ | હરેશભાઈ પ્રેમજી દડગા (પ્રમુખ) | માધાપર | ૯૭૨૫૦૨૫૯૦૧ |
| ૧૩૭. | | શાન્તીલાલ કાનજી ભગત (મહામંત્રી) | ભુજ | ૯૮૨૫૨૫૮૧૭૧ |

જીવનમાં અચાનક આવી પડેલી આફતનો હસતા મોઢે સામનો કરો.

## શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (સંસ્કાર ધામ દેશલપર)

પરમ. પુ. સંત શ્રી ઓધવરામજી મહારાજ, ગુરુ લાલરામજી મહારાજે જે આપણને અધર્મના અંધકારમાંથી બહાર કાઢીને સનાતન સમાજની રચના કરી, આપણા પૂર્વજો અને સંત શ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણા લઇ જે ધર્મનો સાચો માર્ગ બતાવ્યો તે માર્ગ ઉપર ચાલતા રહી. વડીલોની અથાગ મહેનત ના ફળ સ્વરૂપ તથા તેમના આશીર્વાદ થી આપણું જે સનાતનીઓ નું સંગઠન બન્યું અને લોકોને સાચા ધર્મ ના માર્ગ તરફ લઈ જવા શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજ આજે જયારે પોતાના કાર્યો અને વિચારો અને ઉદેશો વધુ પ્રબળ અને મજબુત બનાવવા તેમજ જન જન સુધી અને દેશના ખૂણે ખૂણા સુધી પહોંચાડવા માટે ' સનાતન પત્રિકા ' નામની પત્રિકા બહાર પાડી રહ્યું છે તે ખરે ખર આનંદની વાત છે અને તે બિરદાવવા ને લાયક છે.

અમોને પુરેપુરી ખાત્રી છે કે આ પત્રિકા સમાજને એક સુત્રે બાંધવા અને લોકોને સાચો રસ્તો બતાવવા હંમેશા દીવા દાંડી રૂપે કાર્ય કરતી રહેશે. અને સમાજના પ્રત્યેક વ્યક્તિ ઓના જીવન માં સ્વર્ગનું નિર્માણ કરશે.

આ ભગીરથકાર્ય બદલ શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી, તેમજ આ ભગીરથકાર્યને પૂર્ણ કરવા માટે રચાયેલ પ્રચાર પ્રસાર સમિતિ અને સમસ્ત કારોબારીને અમારા વતી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ને પ્રાર્થના કરીએ કે આ કાર્ય હમેશા પ્રગતિ કરતુ રહે. અમારા શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન દેશલપર વાંઢાય ના સર્વે હોદેદારો અને કારોબારીવતી આ સનાતન પત્રિકાને સંપૂર્ણ સહયોગ સાથે ખુબ ખુબ શુભેચ્છાઓ તેમજ હાર્દિક અભિનંદન.

**'જય લક્ષ્મીનારાયણ' સાથે**

**પ્રમુખ શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા　　મહામંત્રી શ્રી તેજાભાઈ દેવજી સાંખલા**

## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ

જય સનાતન..... જય ઉમિયાજી... જય લક્ષ્મીનારાયણ...

સાદર પ્રણામ સહ અભિનંદન

કચ્છ છોડી સૌ પ્રથમ મુંબઈ કોલકતા અને સાબરકાંઠાને કર્મભૂમિ બનાવનાર આપણો શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ આજે સારાય ભારત વર્ષમાં વસવાટ કરી રહેલ છે. આપણી વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા થઈ રહેલ સામાજિક પ્રવૃત્તિઓની જાણ એક બીજાને થતી રહે તે માટે આજના ઝડપથી વિકસી રહેલ યુગમાં પ્રસાર-પ્રચાર માધ્યમ એક અગત્યની ભૂમિકા ભજવે છે. e-mail, twiter કે whats aap ના જમાનામાં પણ સમાચાર પત્રોએ પોતાનું સ્થાન અને લોકપ્રિયતા ટકાવી રાખેલ છે.

આપણી સામાજિક ગતિવિધિઓને પ્રત્યેક નાગરિક સુધી પહોચાડવાના કેન્દ્રીય સમાજના અભિગમને આપના મુંબઈઝોન વાચા આપી આદ્ય જ્ઞાતિ સુધારક પૂ. નારાયણ રામજી લીંબાણી દ્વારા આરંભાયેલ સનાતની જાગૃતિને અકબંધ રાખવાનો સ્તુત્ય પ્રયાસ કરેલ છે, આ માટે આપને તથા આપની પૂરી ટીમને દિલથી અભિનંદન.

''સનાતન પત્રિકા''ના નામે આપની રાહબરી હેઠળ પ્રસિદ્ધ થનાર સામાયિક માટે આગોતરી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. હાલના સમયમાં સાચા અને હકારાત્મક સમાચારો દરેક પાસે પહોંચે તે ખૂબ જરૂરી બન્યું છે. આ સામાયિક સમાજ, યુવાસંઘ અને મહિલાસંઘ વડે થતી સામાજિક પ્રવૃતિઓની પ્રસિદ્ધિથી સમાજને ચોક્કસ નવી દિશા ચીંધશે તેવો વિશ્વાસ છે. આ કાર્યમાં યુવાસંઘની ટીમ આપની સાથે રહેવા કટિબધ્ધ છે.

પુનઃ આપની પૂરી ટીમને અભિનંદન અને શુભેચ્છાઓ.

**સેન્ટ્રલ પ્રેસિડેન્ટ, નીતિન લીંબાણી　　સેન્ટ્રલ જનરલ સેક્રેટરી ડૉ. વસંત ધોળુ**

## બિહાર ઝારખંડ ઝોન વતી આમંત્રણ

શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજની આગામી ત્રણ વર્ષ માટે ચૂંટાયેલી નવી કારોબારીની કચ્છ બહારની પ્રથમ મીટીંગના યજમાન પદ માણવાનું સૌભાગ્ય અમારી વિનંતી થી અમારા બિહાર ઝારખંડ ઝોનને મળ્યું છે. તેથી અમો ગૌરવ અનુભવી છીએ. અમારા ઝોનના દરેક નાના મોટા સભ્યો આ મીટીંગને લઈને ખુબ ઉત્સાહી છે. અને ભારત ભરમાંથી મીટીંગમાં આવનાર મહાનુભાવોનું હર્ષોલ્લાસ થી સ્વાગત કરવા માટે આતુર છે. વધુ જાણકારી અને તમારા આગમન માટેની વિગતો અને તમારી સગવડ માટે અમારા મોબાઈલ નંબર (૧) ૯૪૩૧૧૭૪૩૫૦, (૨) ૯૪૩૧૫૮૮૯૩૩ છે જેના ઉપર આપ સંપર્ક કરશોજી જેથી કરીને આપશ્રીની રહેવા અને જો ફરવા માટેની સગવડ જોઈતી હોય તો અગાઉથી આપના સમય અને દિવસ પ્રમાણે જણાવશો તો અમો તમારા ફરવાની વ્યવસ્થા કરી શકીએ.

બિહાર ઝારખંડ ઝોન વતીથી આપ સર્વેને વિનંતી છે કે આપ જરૂરથી આપની સગવડ પ્રમાણે તા. ૦૪/૦૧/૨૦૧૫ સ્થળ (રાંચી-ઝારખંડ)માં બોલાવેલ મીટીંગમાં વધુમાં વધુ સંખ્યામાં હાજરી આપશો. તમારી હાજરીથી અમારું મનોબળ ખુબ મજબુત થશે અને અમારા લોકોને સમાજ સાથે જોડાવવાની પ્રેરણા મળશે અને સમાજ વધુ મજબુત બનશે.

વધુમાં અમોને એનો પણ આનંદ છે કે આ સમયેજ સમાજ દ્વારા ''સનાતન પત્રિકા''નો પહેલો અંક બહાર પાડવામાં આવી રહ્યો છે અને અમારા ઝોન વતીથી આ પત્રિકાની સફળતા માટે અમો પરમપિતા પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ અને આ પત્રિકા હમેશા પ્રગતિના પંથે અગ્રેસર રહે, સમાજ અને સમાજજનો વચ્ચે વિચાર વિનિમયનો સંર્પક બની રહે તેવી આશા સાથે.

શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજના પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી અને સર્વે હોદ્દેદારો અને પત્રિકા સમિતિને ખુબ ખુબ અભિનંદ સાથે.

**લિ. પ્રમુખ : તુલસી વિરજી ઘોઘારી　　મહામંત્રી : રામજી કાનજી મેઘાણી**

## ઉમિયા માતાજી સંસ્થાન (વાંઢાય કચ્છ)

શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજ નખત્રાણા પોતાની સમાચાર પત્રિકા ' સનાતન પત્રિકા'ના નામથી બહાર પાડવા જઈ રહ્યું છે. તે અતિ આનંદ ની વાત છે અને સમાજના સમાચારો/ વિગતો/અહેવાલો વગેરેની આદાન પ્રદાન દ્વારા સમાજના જનજન સુધી માહિતગાર થશે.તેમાં સંપ અને સંગઠન અને સહકારની ભાવના ને પ્રોત્સાહન મળશે તેમાં કોઈ બે મત નથી. સનાતન સમાજની સ્થાપનાના હેતુઓ અને દીર્ઘ દૃષ્ટિએ વડીલોના સ્વપ્નનું સનાતની સમાજનું ઘડતર કરવા માટે આ સનાતન પત્રિકાનું યોગદાન અમૂલ્ય રહેશે.

શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજને આવા પ્રગતિશીલ અને સામાજિક દૃષ્ટિએ ઐતિહાસિક પગલું લેવા બદ્દલ ખુબ ખુબ અભિનંદન અને કુળદેવી શ્રી ઉમિયા માતાજી ના ચરણો માં પ્રાર્થના કરીએ છીએ કે આપણી જ્ઞાતિ સૌ પર મા ઉમિયાના આશીર્વાદ ઉતરે, એમની કૃપા દ્રષ્ટિ સદાય આપણા સમાજ ઉપર બની રહે, એવા અંતરના આશીર્વાદ સાથે આપણ ને સૌને આવા સત્કાર્યો કરવાની શક્તિ ઉમિયા માતાજી પ્રદાન કરે તેવી શુભકામના.

આવા ઉમદા અને સમાજ હિતકારી કાર્યમાં હર હમેશ આગળ રહેતા ઉમીયામાતાજી સંસ્થાન ના સર્વે હોદેદારો આપણી સાથેજ છે. અને શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજ ને અમારા વતી તમોને સાથસહકાર મળતો રહેશે પુનઃ આપની સર્વે ટીમને અમારા વતી અભિનંદન.

**પ્રમુખ શ્રી હંસરાજભાઈ દેવજી ધોળું　　મહામંત્રી શ્રી બાબુભાઈ સામજી ચોપડા**

## શ્રી અખિલ ભારતી કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ

અધર્મના માર્ગે જ્યારે આપણી જ્ઞાતિ સેંકડો વર્ષો સુધી ભટકતી હતી ત્યારે મહાન સંતોની કૃપાથી, દીર્ઘદૃષ્ટિ ધરાવતા વડીલોએ આપણને સનાતન ધર્મનો સાચો રસ્તો બતાવ્યો અને આપણી જ્ઞાતિની માતૃ સંસ્થા તરીકે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નામની સંસ્થાનું સ્થાપન કર્યું. આપણને મળેલ સનાતન ધર્મના વારસાને ટકાવી રાખવા તેમજ સર્વાંગી ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે તે માટે આ સમાજ ખુબ સારી રીતે આગળ વધી રહ્યો છે. આપણી જ્ઞાતિને અન્ય લોકોમાં એક હિંદુ જ્ઞાતિ તરીકેની જો સાચી ઓળખ આપી હોય, તેમજ અન્ય ઉજળી હિંદુ જ્ઞાતિમાં આપણને માનસન્માન અપાવ્યું હોય તો આ સમાજે કે આ સંસ્થાએજ અપાવ્યું છે, તેની અમો આ પ્રસંગે ખાસ નોંધ લઈએ છીએ.

આ સમાજની પ્રગતિમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ હમેશાથીસાથેને સાથે જ રહ્યો છે, તેનો અમોને ગર્વ છે. આજેજયારે આ સમાજ સનાતન પત્રિકા નામનું છાપું બહાર પાડવા જઈ રહ્યું છે, ત્યારે અમો પણઆપત્રિકાના કાર્યમાં સમ્મિલિત થઇને આ માધ્યમથી સમાજની સાથે સમાજની પ્રગતિમાં મહિલાઓની પણ પ્રગતિ થાય તે માટેનું આ એક સરાહનીય પગલું ગણાશે તેમ અમો અત્રેથી માનીએ છીએ.

સમાજ, યુવા સંઘ, મહિલા સંઘ અને અન્ય સંસ્થાઓના લોકહિતકરી સમાચારો ઘર ઘરની મહિલાઓ સુધી પહોચાડવા માટે, આસનાતન પત્રિકા, એક ઉત્તમ માધ્યમ રહેશે, જેની વર્ષોથી ખામી જણાતી હતી, જે આજે પૂરી થઇ જવા રહી છે.

આ શુભ કાર્યમાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘની ટીમ સમાજ સાથે છે અને પ્રચાર પ્રસાર સમિતિને આ કાર્ય ઉપાડવા માટે અમે તેમને અંતરાત્માથી અભિનંદન પાઠવીએ છીએ. અનેસંપૂર્ણ સાથસહકાર આપવા અમારી ટીમ ઉત્સાહી છે.

**પ્રમુખ શ્રીમતી રુક્ષ્મણીબેન દાનાભાઈ નાયાણી / મહામંત્રી શ્રીમતી રમીલાબેન ખેતશીભાઈ રવાણી**

Purshottam Patel
Ph.: 02646-224811
M. : 98245 33100
SURYA
Shree Surya Wood Industries
TIMBER MERCHANT & PACKING BOX SUPPLIERS
Plot No. A-1/320/1, Asian Paint Chokdi, GIDC, Ankleshwar - 393 002.

Manoj R. Patel
+91 98404 23687
SRI SARASWATHI TIMBER MART
No. 110, G.S.T. Road, Chrompet, Chennai - 600 044.
Tel.: [044] 4507 8482 / 2238 5383 / 2238 8483
E-mail : saraswathitimber@gmail.com
Website : www.saraswathitimber.com

# કેન્દ્રીય યુવાસંઘના મહામંત્રી ડૉ. વસંત ધોળુની મધ્ય-પૂર્વોત્તર અને દક્ષિણ ભારતમાં ૧૫ દિવસીય ઐતિહાસિક અને યાદગાર સ્વર્ણિમ સંપર્ક યાત્રા

૧) ૬૫ વ્યક્તિઓ અનોખી ગાંધીગીરી વડે વ્યસન મુક્ત થયા ૨) સાંજે પરિવાર પ્રાર્થના અને સમૂહ ભોજન દ્વારા સંસ્કૃતિ જતનનો અભિગમ 3) ૧૨૫ ઉપરાંત વિદ્યાર્થીઓ મિશન - IAS અંતર્ગત કલેકટર માટે ની પરીક્ષા આપવા કટિબદ્ધ બન્યા. ૪) મહિલાઓ-દીકરીઓ સાથે ભાવનાત્મક શૈલી માં ભાગેડુ લગ્ન અને ફેશન અંગે વિશેષ ચર્ચા. ૫) નવચેતને ભૂતકાળ માં અભ્યાસ માટે આપેલ આર્થિક યોગદાન પરત કરી સમાજ ઋણ ચુકવવાના પ્રસંગે અશ્રુધારા થી કોલકત્તાવાસીઓના દિલ જીત્યા. ૬) ફૂલહાર કે વિશેષ મંચ વિના સાદગીભરી દિલને સ્પર્શતિ રચના. ૭) મિશન-૨૦૨૦ ની જીણવટ ભરી જાણકારી અને માર્ગદર્શન ૮) ૭ રીજીયન (ફોરેસ્ટ, છતીસગઢ, નવચેતન, સ્વામી વિવેકાનંદ, ઓડીસા, દક્ષિણ કર્નાટક અને તેલંગાના, આન્ધ્રપ્રદેશ) અને 3 કાઉન્સીલ (ફોરેસ્ટ, ગંગાસાગર અને રામ સેતુ) ના યુવા મંડળની મુલાકાત ૯) વિવિધ સમાજ ના હોદ્દેદારો અને વડીલો આ યોજનામાં સર્વેને જોડવાની નૈતિક જવાબદારી લીધી ૧૦) ફેમિલી આઈડીના કાર્યને મહિલાઓ અને યુવાઓ પૂર્ણ કરશે ૧૧) કેન્દ્રીય સમાજને રૂ ૨૫૦/- દિવાળી બોણી આપવા માટે સર્વેને અપીલ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘની સનાતની વાઈબ્રન્ટ ટીમ દ્વારા ૨૦૫૦ન સ્વર્ણિમ સમાજની કલ્પનાને સાકાર કરવા અને તેના પ્રથમ પડાવ સમા મિશન-૨૦૨૦ ને સિદ્ધ કરવા સંપર્ક યાત્રા દ્વારા સૌ સમાજ જનો, મહિલાઓ અને યુવાઓને જોડી સંગઠિત અને સશક્ત સમાજ નિર્માણ નું કાર્ય આરંભવામાં આવેલ છે. આ સંપર્ક યાત્રા દ્વારા યુવાસંઘ નું સુવ્યવસ્થિત ત્રિસ્તરીય માળખું અને તેની વિવિધ ૧૩ થીમ આધારિત પ્રવૃતિઓ જેવી કે યુવા સુરક્ષા કવચ (YSK), વેબકોમ (વસ્તી પત્રક - જેના દ્વારા Family ID પરથી દરેક પરિવારને પોતાનો પરિવાર ક્રમાંક આપવો), રાજકીય, એજ્યુકેશન, બિઝનેસ, કૃષિ-પર્યાવરણ, યુવા ઉત્કર્ષ, સામાજિક અને આધ્યાત્મિક, હેલ્થ એન્ડ ડીઝાસ્ટર આયોજન, રમત-ગમત, સગપણ માં સરળીકરણ વગેરેને સમાજના દરેક ઘરઘરમાં પહોંચાડી ગૌરવરૂપી સામાજિક સ્પદંનોમાં સર્વેને ભાગીદાર બનાવવાનો હેતુ રહેલ છે.

બસ આજ હેતુને નજર સમક્ષ રાખી કેન્દ્રીય મહામંત્રી તરીકે મળેલ જવાબદારીને અવસરમાં પરિવર્તિત કરવાના મનસુબા સાથે મેં વિદર્ભ રીજીયનના નાગપુરથી સંપર્ક યાત્રા આરંભી.

**તા. ૨૭-૨૮-૨૯ ઓક્ટોબર - ૨૦૧૪ : નાગપુર**

નાગપુર; ૩૫૭ જેટલા વિવિધ શહેરોના બાળકોને મોટીવેશન આપવા યોજાયેલ ''પંચામૃત-ઉડાન હમારી'' કાર્યક્રમ માં એક વક્તા અને મોટીવેટર તરીકે કામ કરવાની તક મળેલ જેમાં બાળકોને નાટ્ય પ્રવૃત્તિનું મહત્વ, સ્ટેજના ભાગો,ડાયલોગ્સ કઈ રીતે બોલવા-યાદ રાખવા, પ્રોપર્ટી વિના કઈ રીતે નાટક ભજવવું નાટકમાં ભાગ લેવાથી કઈ કઈ શક્તિઓ વિકસે વગેરેની સમજુતી આપી.

**તા. ૩૦-ઓક્ટોબર-૨૦૧૪ ; ભંડારા, રાજનંદગાવ - રાયપુર**

સવારે ભંડારા સમાજના વડીલો, મહિલાઓ અને યુવા મિત્રો સાથે નાની પણ સુંદર સમાજવાડી માં યુવાસંઘ દ્વારા કરવામાં આવતી કામગીરીનો અહેવાલ આપ્યો. મારી સાથે વિદર્ભ રિજીયનના ચેરમેન ધીરજાભાઈ (ભંડારા), પૂર્વ ચેરમેન કાન્તિભાઈ, ફોરેસ્ટ કાઉન્સિલના પ્રમુખ નટવર સામાણી (નાગપુર), ગંગાસાગર કાઉન્સિલ મંત્રી વસંત ભાવાણી અને છતીસગઢ રિજીયન ના મેટ્રોમોનીયલ સમિતિના કન્વીનર જવેરભાઇ પણ જોડાયા અને સર્વે સાથે રચાણ કરી. રાજનંદગાવ પહોંચ્યા બાદ છતીસગઢ રીજીયન ચેરમેન જયંતિ નાકરાણી, મંત્રી કિશોરભાઈ, પ્રવક્તા પવનભાઈ, પૂર્વ ચેરમેન કિરીટ નાકરાણી અને ટીમ ના સભ્યો તથા રાજનંદગાવ યુવા મંડળના હોદ્દેદારોની હાજરીમાં યુવા પ્રવૃતિની જાણકારી આપી.

સાંજે રાયપુર ભનપરી સમાજમાં જલારામબાપાનો પ્રસાદ લઇ ફાફાડીહ સમાજભવન માં કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી અને શ્વેતપત્રના જનક એવા પૂર્વ પ્રમુખ શ્રી રામજી બાપાને મળી યુવા ભાઈઓ-બહેનોને યુવાસંઘ કામગીરીની વિગતે જાણકારી આપી. રાજકીય સમિતિના કન્વીનર જગદીશ ખેતાણી, બિઝનેસ સેલના કન્વીનર પરસોત્તમ છાભૈયા અને આધ્યાત્મિક સમિતિના સેન્ટ્રલ પી.ડી.ઓ. તુલસી દીવાણી, કાઉન્સિલર જયંતીભાઈ અને રીજીયનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા રાયપુર સંપર્ક યાત્રાનું લાઇવ પ્રસારણ દરેક પરિવારે પોતાના ઘરે ટીવી સેટમાં પણ નિહાળ્યું, વ્યસન મુક્તિ અભિયાન ચલાવ્યું અને મિત્રોને વ્યસન મુક્ત કર્યા

**તા ૩૧, ઓક્ટોબર-૨૦૧૪ ; રાયપુર-કોરબા**

સવારે રાયપુરના વિવિધ ઉદ્યોગો અંગે માહિતી મેળવીને આનંદ થયો કે અહીં ૩૬ પ્રકારના વિવિધ ઉદ્યોગો સાથે આપણા સમાજના ભાઈઓ સંકળાયેલા છે, રાજકીય ક્ષેત્રમાં પણ સુંદર કાઠું કાઢી ધારાસભ્ય થી લઈ પાલિકા સુધીના તમામ પદો પર તેઓ બિરાજમાન છે. સાંજના સમયે કોરબા ખાતે પહોંચ્યા. ૨૭૫ માણસોની જન સંખ્યામાં પણ સુંદર સમાજ ભવનનું નિર્માણ કરેલ છે. તુલસી દીવાણીએ સામાજિક અને આધ્યાત્મિક બિઝનેસ અને હેલ્થ સમિતિ ના કાર્યોની વિગતે જાણકારી આપી, આ રીતે સામાજિક રચાણ કરવાનો કોરબવાસીઓ માટે પ્રથમ મોકો હતો. બહેનોને દીકરીઓ પ્રત્યે કાળજીની અને સામાજિક કાર્યોમાં સ્ટેજ આપવાની તથા ફક્ત અગિયારસ કે પુનમના ભજન કે કીટી પાર્ટીના બદલે સર્વાંગી વિકાસ કાર્યોમાં તેમને જોડવાની સાથે ૪ મિત્રોને વ્યસન મુક્ત કર્યા. અહી પણ મેયરની સીટ માટે આપણા સમાજના બહેન રેસમાં છે તે જાણી સુખદ આશ્ચર્ય સાથે આનંદ થયો.

**તા. ૦૧, નવેમ્બર-૨૦૧૪ ; બીલાસપુર**

ફક્ત ૪૫૦ ની વસ્તી છતા સુંદર સમાજ ભવનમાં અમોને પ્રેમથી આવકાર્યા સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક સુધી સંપર્ક યાત્રામાં યુવાસંઘ કાર્યોની માહિતી આપી, IAS માટે પ્રોત્સાહન આપી વિદ્યાર્થીઓને જોડ્યા અને રચાણ કરી. પરિવાર પ્રાર્થનાથી વ્યસન મુક્તિનો નવો અભિગમ સૌને ગમ્યો. ભલે ઓછુ કમાવાય પણ જયારે ઘરમાં વ્યસન આવે છે ત્યારે પોતાની ઉભી કરેલી પ્રતિષ્ઠા ધૂળમાં મળીજતા વાર નથી લાગતી,જેથી દરરોજ સાંજે. ૮.૦૦ કે ૯.૦૦ વાગે કોઈપણ અનુકુળ સમયે ઘરના નાના મોટા સૌ ભેગા મળવાથી ઓફીસ કે ધંધા પરથી મોડા આવનાર યુવાનો કે વડીલોના આજે બહાર છું, પાર્ટી આવી છે, તમે જમી લેજો, હું મોડો આવીશ... વગેરે જુઠાણાં બંધ થશે. પહેલેથી યુવાસંઘના હોદ્દેદારો વ્યસન મુક્ત રહ્યા છે, સૌ સમાજજનો અમારા પોતીકા છો માટે જીવ બળે છે

**તા. ૦૨, નવેમ્બર-૨૦૧૪ ; કોલકત્તા**

અતિ આનંદ સાથે મારા ઈંતેજારની ઘડીઓ પૂરી થઇ. જ્યાં. સ્વ. શ્રી ખીમજી લખમસી લીંબાણી એ ૧૯૭૨ માં યુવક સંઘની સ્થાપના કરી હતી તે સ્થળને અને એજ નવચેતનની ટીમને મળવાની ક્ષણો આવી પહોંચતા મારું રોમે રોમ આજે કઈંક નવી જ અનુભૂતિ કરી રહ્યું હતું. મારે માટે કર્જ ચૂકવવાનો સુવર્ણ દિવસ હતો. સવારે ૩.૩૦ કલાકે કોલકતા પહોંચી, શ્રી લક્ષ્મીનારાયણ મંદિરે ફ્રેશ થઇ દર્શન કરી આરતી લઇ સાલકીયા ખાતે આયોજિત વિદ્યાર્થી સરસ્વતી સન્માનના સ્થળે પહોંચ્યા.

સમય વેડફ્યા વગર સીધું વિદ્યાર્થીઓનું હાઇટેક સન્માન થયું, સન્માન સ્વીકારી દરેક વિદ્યાર્થી અમારી સાથે સ્ટેજ પર બિરાજમાન થવા લાગ્યા, જોત જોતામાં ૬૦ દીકરા-દીકરીઓ સ્ટેજ પર હતા. આજે બોલવાનો વારો પણ તેમનો હતો સમાજના મિત્રોએ ખુબજ ટૂંકમાં પોતાની દિવાળી શુભેચ્છાઓ આપી.

બપોર પછીનું સત્ર જે યુવા સંઘ માટે હતું. પ્રમુખશ્રી નીતિનભાઈ લીંબાણીએ યુવાસંઘના ઇતિહાસની અને ત્રિસ્તરીય માળખાની વાત કરી, નવચેતન યુવા મંડળ લીડ લઈ, નવચેતન રીજીયનમાં બધાને જોડે આવનાર સમયમાં કેન્દ્રીય લેવલે કોઈ મોટી જવાબદારી પણ સ્વીકારવા અપીલ કરી.

એજ્યુકેશન સમિતિની જાણકારી આપતા મને મારા ભૂતકાલના દિવસો યાદ આવી ગયા, એ સમયે હું M.Sc. (Botany)માં વિસનગર ખાતે અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે મારા પરિવારની આર્થિક સ્થિતિ બહુ જ કફોડી હતી, ત્યારે પાટીદાર સંદેશમાં નવચેતન યુવક મંડળ દ્વારા આવેલ આર્થિક સહાયની જાહેરાત વાંચી એક અંતર્દેશીય પત્ર મારા પિતાજીએ લખેલ અને તેના પ્રત્યુતરમાં મને ૧૦૦૦/- રૂા. અભ્યાસ માટે મળેલ. એ સમયે તે મારા માટે આજના એક લાખ રૂપિયા બરાબર હતા. હું M.Sc. માં ગોલ્ડ મેડલ સાથે યુનિવર્સીટીમાં પ્રથમ આવેલ. આ વાતને યાદ કરતા હું લાગણી સભર બની ગયેલ અને મારું તન-મન આજે આ ઉપકારને ઉતારવા ઉતાવળિયું બની ગયેલ, મારી સાથે હોલમાં બેઠેલા સૌ કોઈ નાના-મોટાની આંખો ભીંજાયેલ હતી, આ સમયે મને મળેલ સહાયને એક નાનકડી રકમ વડે આ સમાજને પરત કરી, વડીલો અને મિત્રોને દિલથી ભેટી, માં ગંગાના આશીર્વાદ લઈ ઋણમૂક્ત બનવાના અનેરા આનંદની સ્વર્ણિમ પળો હું માણી રહ્યો હતો.

હવે ૪૦ મિનીટ માટે મારો વારો હતો યુવા સંઘના મિશન ૨૦-૨૦ ની સફર માં YSK યોજના દ્વારા અત્યાર સુધી ૧૮ મૃતક પરિવારના ઘરે રૂ ૩૫,૦૦,૦૦૦/- (પાંત્રીસ લાખ) ની રકમ પહોંચાડી અપને લિયે નહિ... લેકિન અપનો કે લિયે... ની ભાવના ને ઉજાગર કરતી અને મહાલક્ષ્મીમાં પરિવર્તિત જૂની સાદડી પ્રથાના નવા રૂપની વિગતે સમજુતી આપતા સમાજ પ્રમુખશ્રી, ચેરમેનશ્રી અને યુવા મંડળના સર્વે સભ્યો અને હાજર સૌ કોલકતાવાસીઓએ દરેક આ યોજનામાં જોડાવાની ખાત્રી આપી.

**તા. ૦૩, નવેમ્બર-૨૦૧૪ મગરા અને શ્રીરામપુર, હુગલી.**

નવચેતનની ઉત્સાહી ટીમ ના ચેરમેન જવાહર રૂડાણી, મહામંત્રી પરેશ ધનાણી, નવનીત લીંબાણી તથા પ્રચાર- પ્રસારના સેન્ટ્રલ પી.ડી.ઓ. નરેન્દ્ર માકાણી, કેન્દ્રીય કારોબારી સભ્ય લીલાધર માકાણી, સંજયભાઈ તથા યુવા મંડળના મોહનભાઈ, પ્રવીણભાઈ અને ટીમના અન્ય સભ્યો સાથે સવારે મગરા અને સાંજે શ્રીરામપુર/હુગલી યુવા મંડળ, સમાજ અને મહિલા મંડળની સપર્ક યાત્રા યોજી ખુબજ ઉત્સાહી સમાજજનોને મળી ખુબ આનંદ થયો. રાત્રે જગધાત્રી પૂજા અને માતાજીના વિવિધ લાઈટીગ વાળા પડાલ જોઈ કુતુહલતા અનુભવી. મિશન IAS, વ્યસન મુક્તિ અને પરિવાર પ્રાર્થના અને અન્ય બાબતો પણ રાબેતા મુજબ કરી સૌને તેમાં જોડ્યા.

**તા.૦૪, નવેમ્બર-૨૦૧૪ : તારકેશ્વર, ઇગરા, બર્દવાન, બાંકુરા**

આજે મારો જન્મ દિવસ હતો, સવારે તારકેશ્વર અને ઇગરા યુવા મંડળના મિત્રો સાથે સપર્ક યાત્રા યોજી મિશનની જાણકારી આપી અને સાથે ભોજન લીધુ અને મીટીંગ સ્થળે પહોંચયા - ઉડાન હમારી અને યુવતી તાલીમ શિબિર યોજવાનું નક્કી કર્યું. સ્વામી વિવેકાનંદ રીજીયનની ટીમના ચેરમેન શંકરભાઈ, સેક્રેટરી વિનોદભાઈ, શાંતિભાઈ અને અન્ય મિત્રો આગળ ની સપર્ક યાત્રા માટે અમોને લેવા આવી પહોચ્યા.

**તા. ૦૫, નવેમ્બર - ૨૦૧૪ : પનાગઢ, રાનીગંજ. અને આસનસોલ**

સવારે પનાગઢ, બપોરે રાનીગંજ અને સાંજે આસનસોલ ખાતે પણ સંપર્ક યાત્રા અને મિશન - 20-20 અને વ્યસન મુક્તિનો દોર જરી રાખ્યો. સાંજે ભુવનેશ્વર તરફ જવા ટ્રેન મારફતે રવાના થયા.

**તા. ૦૬, નવેમ્બર- ૨૦૧૪ : ભુવનેશ્વર**

ઓડીસા રીજીયનના સર્વે યુવા મંડળ અને રીજીયનના હોદેદાર સાથે મીની કાર્યશાળા અને સાજે સ્થાનિક સમાજના મિત્રો સાથે સંપર્ક યાત્રા યોજી તેમને પ્રોત્સાહિત કર્યા.

**તા. ૦૮, નવેમ્બર - ૨૦૧૪ બેંગ્લોર**

બેંગલોર માં મારી સાથે યુવા સંઘ ના પ્રમુખશ્રી નીતિનભાઈ રામસેતુ કાઉન્સિલ સેક્રેટરી હરિ રૂડાણી અને રાજકીય સમિતિ ના કન્વીનર જગદીશ ખેતાણી પણ જોડાયા. પ્રથમ સત્રમાં યુવાસંઘ ઈતિહાસ અને મિશન- ૨૦૨૦ની વિવિધ થીમો અગે સવિસ્તૃત માહિતી આપી. અત્રે દરેક સમાજના વડીલો અને પ્રમુખશ્રી - મંત્રીશ્રીઓએ ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ. બીજા સત્રમાં રીજીયનના તથા યુવા મંડળના હોદેદારોને પ્રોટોકોલ અને હોદેદાર તરીકે પોતાની જવાબદારી અને કાર્ય પ્રણાલીથી વાકેફ કર્યા. મહિલા મંડળ સાથે યુવા પ્રવૃત્તિઓમાં તેમની સામેલગીરી અંગે ચર્ચાઓ કરી સાંજના સમયે ફરી પાછું મિશન હેલ્થમાં ૫ (પાંચ) યુવાઓની વ્યસન મુક્તિ કરાવી.

**તા.૦૯, નવેમ્બર-૨૦૧૪; હૈદરાબાદ**

તેલંગાના આંધ્રપ્રદેશ રિજીયન દ્વારા અલંક્રિતા રિસોર્ટમાં કર્મયોગી કાર્યશાળાનું આયોજન કરેલ, મારી સાથે યુવાસંઘ પૂર્વ પ્રમુખશ્રી જયંતિભાઈ રામાણી , રામસેતુ કાઉન્સિલ પ્રેસિડેન્ટ નરેન્દ્ર ચૌધરી, સેક્રેટરી હરિ રૂડાણી અને રાજકીય સમિતિ કન્વીનર જગદીશ ખેતાણી પણ જોડાયા. જેમાં પ્રથમ સત્રમાં મિશન-૨૦૨૦ ની વિવિધ થીમો અંગે સવિસ્તૃત માહિતી આપી. બીજા સત્રમાં આ અંગેની પ્રશ્નોતરી અને તેના ઉકેલો સૂચવ્યા અહીં પણ ૬ યુવાનોની વ્યસન મુક્તિ કરાવી ૨૦ દીકરીઓને મિશન-IAS માટે પ્રોત્સાહિત કરી .

**તા. ૧૦-૧૧, નવેમ્બર-૨૦૧૪, બેંગલોર**

યુવાસંઘ પ્રમુખશ્રી નીતિનભાઈ, દક્ષિણ કર્નાટકા રીજીયન ચેરમેન નરસીભાઈ, ખજાનચી મનિસ રૂડાણી, યુવા મંડળ પ્રમુખ શંકરભાઈ ધોળું અને તેમની ટીમ પણ હાજર રહેલ આ પ્રવાસની અંતિમ રચાણ હતી સૌથી વધુ ૨૭ વિદ્યાર્થીઓને મિશન-ઇઅજ માટે પ્રોત્સાહિત કર્યા અને નાપાસ થવાની બીક છોડી પરીક્ષા માં બેસવાનું આવાહન કરતા અત્રેની સમાજના પ્રમુખ શ્રી વડીલ ખીમજી બાપાએ IAS ની પરીક્ષા આપનાર સર્વેને રૂ. ૧૦,૦૦૦-/ આપવાની જાહેરાત કરી આ પ્રવૃતિને બિરદાવી અંતમાં ૪ વ્યક્તિઓને વ્યસન મુક્ત કરી.

આમ ૧૫ દિવસની અવિરત થાક્યા વગર કરેલી અનોખી સ્વર્ણિમ ઐતિહાસિક સંપર્ક યાત્રા માં ૬૫ જેટલા યુવાઓને વ્યસન મુક્ત કર્યા અને ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓને IAS જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે મોટિવેટ કરી સ્વર્ણિમ સમાજરૂપી રામસેતુના નિર્માણમાં નાની ખિસકોલી જેવું કામ કરી મેં મારું કર્તવ્ય નિભાવ્યું હવે તેને સાથે મળી આગળ ધપાવવાની જવાબદારી આપ સૌની છે. કામ કરવાથી થી થાય અને કરીએ તેટલું કામ થાય, અંત માં એટલું જ કહીશ કે....

અંધેરા ઘના હૈ.... પર દિયા જલાના કહાં મના હૈ.....?

**સૌને મારા જય લક્ષ્મીનારાયણ.... જય ઉમિયાજી... જય સનાતન...**

**વિપરીત સ્થિતિમાં મનુષ્યનો પ્રભાવ કે પૈસો નહિ, તેનો સ્વભાવ અને સંબંધ કામ આપે છે.**

## બૃહદ મુંબઈઝોન શ્રી મુંબઈ પાટીદાર એવોર્ડ ૨૦૧૫ કાર્યક્રમનું આમંત્રણ
## રવિવાર, તા. ૭-૨-૨૦૧૫ના બપોરે ૨.૦૦ વાગે કાલીદાસ હોલ મુલુંડ, મુંબઈ

શ્રી.અ.ભા.ક.ક.પા. સમાજ મુંબઈ ઝોનનાં કાર્યક્રમો ના આયોજનો માટેની મીટીંગ શ્રી છગનભાઈ પોકાર ના અધ્યક્ષ સ્થાને મળેલ હતી તેમાં નીચે મુજબના કાર્યક્રમોની ચર્ચા થયેલ અને સર્વાનુમતે મુંબઈ ઝોનમાં દર વર્ષે ઓછામાં ઓછા બે કાર્યક્રમો નિયમિત રીતે કરવાનું નક્કી થયેલ.

૧ આપણા કેન્દ્રીય સમાજે આપેલ આદેશ મુજબ આપણી જ્ઞાતિના આદ્ય સુધારક પૂજ્ય. શ્રી નારણ રામજી લીંબાણીની જન્મ જયંતિ દરવર્ષે મે મહિનામાં ઉજવવી. સાથે સાથે સુચન આપેલ પ્રમાણે પૂજ્ય શ્રી કેશરા પરમેશ્વરાને પણ યાદ કરી કાર્યક્રમ સાથે કરવા જોઈએ. આ કાર્યક્રમમાં કોઈ સાધુ સંતોનું પ્રવચન રાખવું તેમજ મુંબઈના બધા સમાજો ભેગા થઈને શ્રી નારણ રામજી લીંબાણીના જીવન ચરિત્ર ઉપર અથવા તેમના વિચારોને લક્ષમાં રાખીને બાળકોની વકતૃત્વ સ્પર્ધાઓ તેમજ નાની એવી નાટિકાઓની સ્પર્ધાઓનું આયોજન કરવું, જેથી સમાજના કપરા સંજોગોમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી રાહ ભુલી ભટકેલા સમાજને મુળ વૈદિક સનાતની પરંપરામાં પ્રસ્થાપિત કરનાર વીર નરબંકાઓ પ્રત્યે ઋણભાવ વ્યક્ત કરવા અને આપણી નવી પેઢી ને આપણા સમાજના ઇતિહાસથી માહિતગાર કરી તેમનામાં વૈદિક સનાતની સદગુણોનું સંસ્કરણ અને દ્રઢીકરણ કરીએ અને આ કાર્યક્રમ મહાપ્રસાદ લઈ પૂર્ણ કરવો.

૨ બીજા કાર્યક્રમની ચર્ચા કરતા નક્કી કરવામાં આવ્યું કે દરવર્ષે અનુકુળતા મુજબ જાન્યુઆરી મહિનામાં મુંબઈ ઝોનમાં વસતા આપણા મુંબઈ સમાજ માટે જે વડીલોએ નિસ્વાર્થભાવે વિશિષ્ટ સેવાઓ આપી હોય તેવા વડીલોનું સન્માન કરવું જોઈએ અને તેમને એવોર્ડ રૂપે નવાજીએ સાથે આ વિજેતાઓને કચ્છી પાઘડી પહેરાવી અને તેમને અભિનંદન પત્ર, શાલ, શ્રીફળ સાથે સન્માન આપવું. આ કાર્યક્રમમાં મનોરંજન રૂપે ડાયરો અથવા સંગીત સંધ્યા કાર્યક્રમ ગોઠવી કાર્યક્રમની વચ્ચે આ ઍવોર્ડ વિજેતા સન્માન કાર્યક્રમ રાખવો અને અંતે મહાપ્રસાદ રાખવો. આપણી જ્ઞાતિના દાનવીરો પાસેથી આર્થિક યોગદાન લઈ તેમને અતિથી વિશેષ રૂપે માનથી બોલાવી તેમના વરદ હસ્તે વિજેતાઓને એવોર્ડ આપી સન્માન કરવું અને અતિથી વિશેષના પણ મુંબઈ ઝોનના હોદેદારો દ્વારા યથા યોગ્ય સન્માન કરવાં.

મુંબઈ ઝોનના કાર્યક્ષેત્રમાં રહીને જે વડીલો એ સમાજની વિવિધ સંસ્થાઓમાં નિસ્વાર્થ ભાવે સેવા કરી હોય તેવા વડીલોનું નામ નક્કી કરવા એક ૧૧ જણની સમિતિ નક્કી કરવામાં આવી. આ સમિતિ એ સર્વાનુમતે આ એવોર્ડ વિજેતા ઓનું નામ 'શ્રી મુંબઈ પાટીદાર રત્ન અવોર્ડ ૨૦૧૫' નક્કી કરવામાં આવ્યું. અને જો કોઈ વડીલ સ્વર્ગવાસી થયા હોય તો તેમના ઉતરાધિકારીઓને બોલાવી આ સન્માન આપવું. આ પ્રથમ વર્ષ ૨૦૧૫ ના વિજેતા ઓના નામ ૧. સ્વ શ્રી વિશ્રામ ખીમજી કેશરાણી ગામ - નખત્રાણા, ૨. સ્વ શ્રી પરબત હરજી છાભૈયા ગામ - મદનપુરા (કોડાય), ૩. સ્વ શ્રી વીરજી કરસન ધોળું ગામ - જીન્જાય, ૪. શ્રી રણમલ માવજી સાંખલા ગામ - ઉખેડા, ૫. શ્રી પ્રેમજી શીવગણ રૂડાણી ગામ - જીયાપર. આ કાર્યક્રમ મુંબઈ ના મોટા સભાગૃહમાં રાખવો અને આ કાર્યક્રમ ભવ્ય બનાવવા માટે શ્રી યુવક મંડળ મુંબઈ, શ્રી મહિલા મંડળ મુંબઈનો સાથસહકાર લઈને કરવો. આ કાર્યક્રમમાં આપણા કેન્દ્રીય સમાજના હોદેદારો તેમજ વિવિધ ઝોનનાં હોદેદારો અને ટ્રસ્ટીઓ આ કાર્યક્રમ માણવા માટે આમંત્રણ કેન્દ્રીય યુવાસંઘ અને મહીલા સંઘના હોદેદારોને મોકલાવવા.

પ્રમુખ શ્રી છગનભાઈ પોકારે સર્વે હોદેદાર અને કારોબારી સભ્યો ને આભાર અને આવાહન આપતા જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી જે વડીલો એ આપણા મુંબઈ સમાજ માટે પોતાના જીવનના સામાજીક કાર્યકાળ દરમ્યાન કરેલી તન મન અને ધન થી સેવાઓ નો મુંબઈ ઝોન હ્રદય પુર્વક આભાર માને છે. આપણા મુંબઈ સમાજ ઉપર તેમણે કરેલ ભગીરથઉપકારોના અહેસાન બદલ આ સન્માન રૂપે આપણે તેમનું ઋણ અદા કરવાનો આ નમ્ર પ્રયાસ છે. આવા મહાન સેવાધારી ઓનું અભિનંદન કરવાથી આપણી ભાવિ પેઢી ને આપણા વડીલોના કરેલ કાર્યની જાણ થશે. અને આપણા સમાજના ઇતિહાસથી માહિતગાર થશે. અને વડીલો એ કરેલા કાર્યોમાંથી પ્રેરણા લઈ શકશે. જો આવા કાર્યક્રમો કરીશું તોજ મુંબઈ ઝોનના હોદેદારો તેમજ સમસ્ત કારોબારી સભ્યો ગૌરવ અનુભવી શકશું. પરમ પિતા પરમાત્માને પ્રાર્થના કરીએ કે હર હમેશ અમોને પ્રેરણા આપે કે આપણા ભવ્ય વૈદિક સનાતની પરંપરાના ઈતિહાસને કારણે આપણું મુંબઈ ઝોન હમેશા આવા કાર્યો કરવાથી પ્રગતિના પંથે અગ્રેસર રહે અને વર્તમાન મુંબઈ ઝોનમાં સાથ, સંગઠન અને સનાતની સેવામાં સમર્પિત રહેવાની ભાવના બની રહે.

પ્રમુખ : શ્રી છગન કાનજી પોકાર
મહામંત્રી : શ્રી મહેશ ધનજી વેલાણી

## પાટીદાર સેવા સંઘ અને ગૌરક્ષા કેન્દ્ર (મથલ)

અવાર નવાર દુષ્કાળ પડતો રહે છે. આવી પરિસ્થિતિમાં કચ્છના પશ્ચિમ વિસ્તારમાં વસતા મોવડી વડીલો સ્વ. શ્રી. ખીમજી નાગજી લીંબાણી (માસ્તર) અને અન્ય વડીલો સાથે બેસી ચર્ચા વિચારણાઓ કરતા આવું જણાયું કે આપણા વિસ્તારમાં અવાર નવાર દુષ્કાળ પડતો રહે છે તો તેના કારણે આપણા વિસ્તારના પશુધનને નિભાવવા માટે આપણા વિસ્તારના પરિવારોને ખુબજ ખરાબ પરિસ્થિતિમાં મુકાવવું પડેછે આવી પરિસ્થિતિ નિવારવા માટે કાયમી વ્યવસ્થા કરવી જોઈએ.

ઉપરોક્ત બાબતે ચર્ચાઓ કરતા સૌ વડીલોએ સાથે મળીને નક્કી કરેલ કે આપણે નખત્રાણા તાલુકામાં નારાયણ સરોવર રોડ ઉપર આવેલ મથલ ગામે કાયમી પાંજરાપોળ/ગૌશાળા નું નિર્માણ કરવું. આ વિચારોના અનુસંધાને તા ૨૪/૧૧/૧૯૮૭ ના રોજ એટલે કે આજ થી પચીસ વરસ પહેલા નખત્રાણા તાલુકા પાટીદાર સેવા સંઘના નામથી મથલ કચ્છ મુકામે આ સંસ્થાનું નિર્માણ કરવામાં આવેલ. જેનું ચેરીટી કમિશનર ભુજ/રાજકોટની ઓફીસ માં રજીસ્ટ્રેશન નંબર ઈ /૯૦૦ કચ્છ દ્વારા રજીસ્ટર કરવામાં આવેલ જેનો અત્યારે પાટીદાર સેવા સંઘ અને ગોરક્ષા કેન્દ્રના નામથી જેનો વહીવટ કરવામાં આવેછે. ફેરફાર કરવામાં આવેલ સંસ્થાના નામનો ફેરફાર ચેરીટી કમિશનર ની ઓફીસ માં કરી લેવામાં આવેલ છે.

અત્યારે ગૌશાળામાં ટોટલ ૮૬૯ પશુ ઓની સંખ્યા છે જેમાં ગાય, બળદ, વાછરડાં, વગેરેનો સમાવેશ થાય છે. અત્યારે ગૌશાળા તેર એકરના વિસ્તારમાં ફેલાયેલી છે. જેમાં ગોધનને નીરણ કરવા માટે RCC તેમજ સિમેન્ટસીટના શેડ દ્વારા અલગ અલગ શીટના વિભાગો કરવામાં આવેલા છે જેમાં નાનાં વાછરડાં, બિમાર ગાયો, બળદ, મોટી ગાયો અપંગ ગાયો વગેરેને અલગ અલગ વિભાગ માં રાખવામાં આવેછે. દરેક વિભાગ માં જરૂરિયાત મુજબ પાણીના હવાડાનું નિર્માણ કરવામાં આવેલ છે. ઘાસના સ્ટોક માટે પાંચ મોટા ગોડાઉન બનાવી પુરતો સ્ટોક રાખવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પાણી ની વ્યવસ્થા માટે સંસ્થાના કમ્પાઉન્ડમાં એક બોર છે, તેમજ ગુજરાત પાણી પુરવઠા મારફત એક બોર બનાવી સંસ્થાને અર્પણ કરેલ છે. પાણીના સ્ટોરેજ માટે સંસ્થાના કમ્પાઉન્ડમાં સંસ્થાએ એક ઓવરહેડ ટેંક બનાવેલ છે, જયારે સરકાર શ્રી તરફથી બે મોટી ટેંક બનાવી સંસ્થાને અર્પણ કરેલ છે. સરકારશ્રી તરફથી ગૌશાળા માટે સારો સહયોગ મળતો રહેછે. ગાયોની સારવાર માટે સંસ્થાના પરિસરમાં એક અલાયદા દવાખાનાની વ્યસ્થા કરવામાં આવેલ છે. ગાયો જે બિમાર અવસ્થા માં હોય તેની સારવાર કરવા સરકારશ્રી તરફ થી સમયસર ડોક્ટર ની સેવા મળતી રહે છે.

આ સંસ્થામાં વધુ માં વધુ માણસો મુલાકાતે આવતા થાય તે અનુસંધાને એક બેનમુન શ્રી ઉમિયા માતાજીના મંદિરનું નિર્માણ કરવામાં આવેલ છે, સાથે સાથે શિવ મંદિર તથા કૃષ્ણ ભગવાનનું મંદિર પણ નિર્માણ કરેલ છે. માતાજીના મંદિરના સાનિધ્યમાં આ વિસ્તારમાં રહેતા પરિવારોના સહયોગ થી સમૂહ લગ્ન નું સુંદર આયોજન કરવામાં આવેછે. આ વિસ્તારમાં રહેતા પરિવારો જેમાંથી ૮૦% પરિવારો ધંધાર્થે અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરી ગયેલા છે. પરંતુ જયારે જયારે માદરેવતન આવવાનું થાય ત્યારે તેઓને રહેવાની સુવિધા મળી રહે તે માટે ત્રણ આરામગૃહ બનાવવામાં આવેલછે. જેમાં ચાલીસ જેટલા રૂમોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ વિસ્તારોના પરિવારો જયારે માદરેવતન આવે ત્યારે તેવોની જરૂરિયાતો સચવાઈ જાય તેવા પ્રયત્નો કરવામાં આવેછે અત્રે આ સંસ્થામાં અન્નક્ષેત્ર પણ ચાલુ છે.

સમગ્ર માનવજાત દ્વારા અર્પણ કરવામાં આવેલ એક એક રૂપિયાનો એવી રીતે ઉપયોગ કરવામાં આવેછે કે તેનું ૧૦૦ રૂપિયા જેવું પરિણામ આવે. બધાજ આજીવન સભ્યોને સંસ્થા દ્વારા ખર્ચ કરવામાં આવેલ એક એક રૂપિયાનો ઓડિટેડ હિસાબ દર વર્ષે પહોચાડવામાં આવેછે. અને ચેરીટી કમિશનર ની ઓફીસના નિયમ મુજબ વાર્ષિક જનરલ મીટીંગ માં સંપૂર્ણ હિસાબ રજુકરી સભાસદોની મંજુરી મેળવી ત્યારબાદ ફાઈલ કરવામાં આવેછે.

આપણા વડીલોએ પ્રગટાવેલી જીવદયાની જ્યોત ઘર ઘરમાં અને ઘટ ઘટમાં પ્રસરાવનારા જીવદયા પ્રેમીજનોને અમારી સંસ્થાના કાર્યકર્તા તરફથી નમ્ર અરજ છે કે આપ જયારે મથાળ ગામે આવો ત્યારે શ્રી પાટીદાર સેવા સંઘ અને ગૌરક્ષા કેન્દ્રની મુલાકાત જરૂર લેશો. એવી અપેક્ષા સાથે આભાર.

શ્રી લાલજી શિવજી ભાવાણી-પ્રમુખશ્રી શ્રી કાન્તિલાલ હરિભાઈ લીંબાણી-મહામંત્રીશ્રી


|| શ્રી ગણેશાય નમ: ||
ૐ ભૂર્ભુવ: સ્વ:

Mukesh K. patel
M.: +91 98 253 25801

PRAGATI ENTERPRISE
Importers & Timber Merchants
Shop No. 1, Nahta Complex, Plot No. 110,
Sectore 9C, Gandhidham-Kutch.
Tel.: 02836 232359
Email : pragati.gim@gmail.com



Babubhai Patel
9422204455

Innovation of Style

Maruti Trading Co.
Opp. Abhinay E-Square, Bahadurpura, Aurangabad-01,
Ph.: 0240 2340042 E-mail : bdsankhla@gmail.com
Dealers : Floor Tiles, Wall Tiles, Bath Fitting & Sanitary Wares.

# શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

આપણી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને બાળકોને વધારેમાં વધારે શિક્ષણ મળી શકે તેવા શુભ વિચારોને અનુસંધાને સા. ૧૯૬૦માં નખત્રાણા મૂકામે ‘‘પાટીદાર વિદ્યાર્થી ‘ભવન’’નું નિર્માણ કરવામાં આવેલ. ત્યારબાદ વિચારોનો વિસ્તાર કરતાં માંડવી, ભૂજ, હોસ્ટેલ-સ્કૂલનું નિર્માણ થયું નખત્રાણા ખાતે આર્ટસ અને કોમર્સ કોલેજનો પણ વહીવટ મળેલ. પરન્તુ આટલાથી સંતોષ ન પામતાં અ.ભા.ક.ક.પા. સમાજના ટ્રસ્ટી મંડળ, હોદેદ્દારો અને વડીલોએ વિચાર્યું કે આપણે હવે કચ્છ બહાર શિક્ષણનો વ્યાપ વધારવો જોઈએ. આપણી સમાજના ઘણા બધા કુટુંબો ધંધા અર્થે કચ્છ બહાર સ્થાઈ થયેલ છે. આ વિચારોને અનુસંધાને ટ્રસ્ટી મંડળ, કારોબારી સભ્ય તથા વાર્ષિક સામાન્ય સભામાં એક ઠરાવ પાસ કરવામાં આવેલ કે હવે પછી શૈક્ષણિક કાર્ય કરવા માટે એક અલગ સંસ્થા બનાવવી અને તે સંસ્થા ફક્ત ને ફક્ત શૈક્ષણિક કાર્ય કરશે.

આ ઠરાવને અનુસંધાને અ.ભા.ક.ક.પા. સમાજે એક ટ્રસ્ટનું નિર્માણ કરેલ જેનું નામ ‘‘શ્રી ઊભા એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ’’ રાખવામાં આવેલ. આ ટ્રસ્ટનું બંધારણ બનાવવા માટે સમાજના વડિલોની એક બંધારણ સમિતિ બનાવવામાં આવેલ. સમિતિએ બંધારણ બનાવેલ તે ચર્ચા વિચારણા કર્યા બાદ અ.ભા. સમાજે તેને મંજૂરી આપેલ. મંજૂર થયેલ બંધારણ મૂજબ ટ્રસ્ટ મંડળના કાયમી ટ્રસ્ટી તરીકે અ.ભા.ક .ક.પા. સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા ઊમીયા માતાજી સંસ્થાનના પ્રમુખશ્રી હોદાની રૂપે રહેશે જેથી સમાજ દ્વારા ટ્રસ્ટ ઊપર પુરતું ધ્યાન આપી શકાય.

સમાજે મંજૂર કરેલ ટ્રસ્ટને સંકૂલ (સ્કૂલ-હોસ્ટેલ) બનાવવા માટે જગ્યાની દક્ષિણ ગુજરાત સમાજ તરફથી ઓફર મળતાં નેશનલ હાઈવે નં. ૮ ઉપર કડોદરા અને કામરેજની વચ્ચે વલથાણ ગામે શંકૂલનું નિર્માણ કરવામાં આવેલ. સંપુર્ણ ભારતમાંથી દાન ભેટ મેળવી આ શંકૂલ તૈયાર કરવામાં આવેલ જેનું ઉદ્‌ઘાટન તા. ૧૩-૧૪ મે ૨૦૦૭ના ભવ્યથી ભવ્ય રૂપે કરવામાં આવેલ.

શૈક્ષણિક કાર્ય વર્ષ ૨૦૦૭-૦૮ થી ચાલુ કરવામાં આવેલ અત્યારે સ્કૂલમાં જ્યુ. કેજી થી ધો. ૧૨ સુધીના વર્ગોમાં અભ્યાસ ચાલુ છે.

સ્કૂલમાં ચાર વિભાગમાં અભ્યાસ અપાય છે (૧) પ્રી પ્રાયમરી વિભાગ જ્યુ. કેજી અને સી. કેજી (૨) પ્રાયમરી વિભાગ ધો. ૧ થી ૮ સુધી (૩) સેકન્ડરી વિભાગ ધો. ૯ અને ૧૦ (૪) હાયર સેકન્ડરી વિભાગ ધો. ૧૧ અને ૧૨, ધોરણ ૧ થી ૧૦ સુધીમાં CBSE (દિલ્હી બોર્ડ)નો અભ્યાસ ક્રમ ઈગ્લીસ મીડીયમમાં ચલાવાય છે અને ધો. ૧૧/૧૨માં ગુજરાત બોર્ડ ઈગ્લીશ મીડીયમ તથા CBSE ઈગ્લીસ મીડીયમમાં ચલાવવામાં આવે છે. ધો. ૧૧/૧૨માં કોમર્સ તથા સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ થાય છે. સાયંસ ફેકલ્ટી માટે જોઈતા સાધનો, લેબોરેટરી વિગેરે અધ્યતન વ્યવસ્થા છે. વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું અભ્યાસ કરવા માટે કોમ્યુટર લેબ પણ બનાવવામાં આવેલ છે. તેમજ E class મારફત કોમ્પ્યુટર દ્વારા કલાસમાં અભ્યાસ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. છેલ્લા ચાર વર્ષથી ધો. ૧૦નું પરિણામ ૧૦૦% પાસનું આવે છે. સ્કૂલમાં ૩૮ કલાસ રૂમની વ્યવસ્થા છે. અંદાજે ૭૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. સંકૂલમાં હોસ્ટેલનું નિર્માણ થયેલ છે. જેમાં ૭૨ રૂમો બનાવેલ છે જેમાં ૩૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવી વ્યવસ્થા થયેલ છે. તેમજ ૨૦૦ વિદ્યાર્થીઓ એક સાથે બેસી ભોજન કરી શકે તેવી વ્યવસ્થા સાથેનું ભોજનાલય અને રસોડું છે. વિદ્યાર્થીઓના કપડાં ધોવા માટેની ધોબીની વ્યવસ્થા પણ છે.

આ સંકૂલમાં અત્યારે ૨૫૯ વિદ્યાર્થીઓ સ્કૂલમાં અભ્યાસ કરે છે. જેમાં ૧૯૮ વિદ્યાર્થી છે અને ૬૧ વિદ્યાર્થીની અભ્યાસ કરે છે. હોસ્ટેલમાં રહેવા માટે ધો. ૫ અને તેનાથી ઉપરની કલાસ વાળા વિદ્યાર્થીઓને એડમીશન આપવામાં આવે છે. જેથી હોસ્ટેલમાં કુલ્લે ૧૩૧ બાળકો રહે છે જેમાંથી વિદ્યાર્થી ૧૧૨ છે અને વિદ્યાર્થીનીઓ ૧૯ છે. હોસ્ટેલમાં જે વિદ્યાર્થીઓ રહેતા નથી તેઓને માટે ઘરે up-Down કરવા માટે ત્રણ બસોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

બાળકો (વિદ્યાર્થીઓ) નો સર્વાંગી વિકાસ થાય તેની ખાસ કાળજી લેવામાં આવે છે. સંસ્કાર લક્ષી અભ્યાસ અપાય છે. પ્રાર્થના, કસરત, રમત-ગમત, અભ્યાસ બરાબર થાય તેનું ધ્યાન રાખવા હોસ્ટેલમાં રેકટર (ગ્રહપતિ) ભાઈ તથા દિકરીઓ માટે રેકટર બહેન રાખવામાં આવેલ છે. દિકરીઓને રહેવાની વ્યવસ્થા અલગ કરવામાં આવેલ છે. રમતગમત ક્ષેત્રે જીલ્લા કક્ષાએ સ્કુલના વિદ્યાર્થીઓએ બહુજ સારો દેખાવ કરી છેલ્લા વરસે સરકાર તરફથી રમત ગમત ક્ષેત્રે સારો દેખાવ કરવા માટે ૧૦૮૦૦૦/- નું રોકડ ઈનામ મેળવેલ છે તેમજ રમતગમત ક્ષેત્રે ઈન્ટરનેશનલ લેવલે પણ સિલેકટ થઈ ભાગ લઈ આવેલ છે.

સ્કૂલના વહીવટ માટે અલગ અલગ સમિતિઓ બનાવેલ છે. (૧) EC કમીટી જે આખા સંકૂલના વહીવટી જવાબદારી નિભાવવાની તેના અંડરમાં (૧) SMC કમીટી જે સ્કૂલના એજ્યુકેશન બાબત પુરી જવાબદારીથી વ્યવસ્થા સંભાળે છે. વિદ્યાર્થીઓના અભ્યાસ બાબત, શિક્ષકોની નિમણુંક બાબત, વિગેરે અને (૨) CMC કેમ્પસ મેનેજમેન્ટ કમીટી જે હોસ્ટેલમાં બાળકોની સંભાળવાની જવાબદારી, બાળકોના આરોગ્ય બાબત, ભોજન બાબત, કપડાંના ધોવા બાબત, વિગેરે કામોની વ્યવસ્થા સંભાળે છે. આ વ્યવસ્થા મૂજબ સંકૂલની કાર્યવાહી બરાબર ચાલે છે. વર્ષમાં ત્રણ વખત ટ્રસ્ટી મંડળની મીટીંગનું આયોજન કરવામાં આવે છે. ત્યારે દરેક સમિતિ પોતાનો અહેવાલ ટ્રસ્ટ મંડળની મિટીંગમાં આપે છે અને તેમની જે જરૂરીયાત હોય અથવા કોઈ મૂશ્કેલી હોય તો તેની રજુઆત કરે છે અને ટ્રસ્ટી મંડળની મિટીંગમાં તેનું સૌ સાથે મળી નિરાકરણ કરવામાં આવે છે. આ વ્યવસ્થા મૂજબ સંસ્થાનું કાર્ય ચાલે છે.

શ્રી ઊમા એજ્યુ અને ચેરીટેબલ ટ્રસ્ટ-સંસ્થાએ વલ્લભ વિધ્યાનગર આણંદ મૂકામે હોસ્ટેલ માટે જમીન લઈ હોસ્ટેલનું નિર્માણ કરેલ છે. અત્યારે ૨૩ રૂમ તૈયાર થશે જેમાં ૧૦૦ વિદ્યાર્થીનો સમાવેસ થઈ શકશે. ભોજનાલય, લાયબ્રેરીની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. જુન ૨૦૧૫ થી એડમીશન આપવામાં આવશે. વધારાની જમીન જે બાજુમાં ખાલી પડેલી છે. જરૂર પડયે તેમાં એક્સટેન્સન હોસ્ટેલ બની શકશે.

આ સંસ્થા અ.ભા.ક.ક.પાટીદાર સમાજ દ્વારા બનેલ છે અને સમાજ નીજ સંસ્થા છે. સમાજની દરેક સભાઓમાં આ સંસ્થાનો અહેવાલ આપવામાં આવે છે અને તે બાબત પુરતા પ્રમાણમાં ચર્ચાઓ કરવામાં આવે છે.

લી. સ્નેહાધીન,

શ્રી દેવજી રામજી ભાવાણી - પ્રમુખશ્રી

શ્રી કાંતિભાઈ હરિભાઈ લીંબાણી - મહામંત્રીશ્રી

# પાટીદાર સર્વોદય સેવા સંઘ સંચાલિત દેવાશિષ હોસ્પિટલ-નખત્રાણાની પ્રવૃતિઓનો અહેવાલ

## હોસ્પિટલ ઉદ્‌ઘાટન : ૧૬-૧૦-૨૦૦૫ થી ૩૧-૧૦-૨૦૧૪ સુધી

પશ્ચિમ કચ્છના મુખ્ય મથક નખત્રાણા ખાતે જાહેર જનાતાના લાભાર્થે પાટીદાર સર્વોદય સેવા સંઘ સંચાલિત દેવાશિષ હોસ્પિટલ છેલ્લા નવ વર્ષથી ‘‘સર્વજન હિતાય, સર્વજન સુખાય’’ સૂત્રને અનુસરીને દરેક વર્ગને આરોગ્ય સેવા પુરી પાડે છે. જેમાં ગાયનેક વિભાગ, દાંત વિભાગ, જનરલ ઓ.પી.ડી. વિભાગની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. નેત્ર વિભાગમાં દર મહિનાની ૩૦ તારીખે ફ્રિ કેમ્પ યોજવામાં આવે છે. જેમાં નવસારીના રોટરી આઈ ઈન્સ્ટયુટના ડોકટરો સેવા આપે છે. જેમાં આંખની તપાસ કરી જરૂરતમંદોને આંખના મોતીયાના નેત્રમણી બેસાડી વિના મૂલ્યે ઓપરેશન દેવાશિષ હોસ્પિટલ મધ્યે કરવામાં આવે છે. કેમ્પમાં દર્દીઓને દવાઓ તથા લેબોરેટરી ચેક-અપ પણ વિના મૂલ્યે કરવામાં આવે છે. ઉપરાંત દર ત્રણ મહિને યુરોલોજી કેમ્પ યોજવામાં આવે છે જેમાં અમદાવાદના શ્રીનિધી ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. ગૌરાંગ ગાંધી દ્વારા ફ્રી નિદાન કેમ્પ યોજવામાં આવે છે. ઉપરાંત વિઝીટીંગ ડોકટર્સની સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. જેમાં એમ.ડી. ફિઝીશિયન પીડીયાટ્રીશીયન, સ્કીન સ્પેશ્યાલિસ્ટ તથા ઈ.એન.ટી.ની સેવાઓ આપવામાં આવે છે. તા. ૩૧-૧૦-૨૦૧૪ સુધીમાં ગાયનેક વિભાગ, દાંત વિભાગ, જનરલ ઓ.પી.ડી. વિભાગ, સરકાર માન્ય ચિરંજીવી યોજના તથા વિઝીટીંગ ડૉકટર તથા અલગ અલગ કેમ્પોની માહિતીના આંકડા નીચે મુજબ છે.

| વર્ષ | ગાયનેક ઓ.પી.ડી. | ડેન્ટલ ઓ.પી.ડી. | જનરલ ઓ.પી.ડી. | ગાયનેક ઓ.પી.ડી. | ગાયનેક ડીલેવરી | ચિરંજીવી યોજના | વિઝીટીંગ ડોકટર્સ | | | | નેત્ર કેમ્પ ૫૩ યોજના | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | એમ.ડી | પીડીયા ટ્રીક | સ્કીન | ઈ.એન.ટી. | દર્દીની તપાસ | ઓપરેશન |
| ૨૦૦૫-૦૬ | ૩૭૯૨ | - | ૨૬૪૪ | ૨૨૨ | ૨૦ | ૩૪ | ૩૨ | ૧૫૦ | ૫૮ | - | - | - |
| ૨૦૦૬-૦૭ | ૫૮૦૧ | - | ૭૮૭૦ | ૭૬૭ | ૨૮ | ૩૬૪ | ૫૫૦ | ૧૯૨૮ | ૭૭૮ | - | - | - |
| ૨૦૦૭-૦૮ | ૬૧૨૩ | ૨૩૭૫ | ૬૧૧૪ | ૮૬૧ | ૨૦ | ૨૮૨ | ૫૩૭ | ૧૪૭૨ | ૫૧૫ | - | - | - |
| ૨૦૦૮-૦૯ | ૫૮૨૭ | ૩૩૫૧ | ૫૦૯૧ | ૮૫૮ | ૯ | ૪૪૫ | ૬૭૮ | ૮૯૬ | ૨૭૫ | - | - | - |
| ૨૦૦૯-૧૦ | ૫૨૭૨ | ૨૬૧૭ | ૩૨૧૭ | ૬૫૦ | ૨૨ | ૧૪૬ | ૬૧૨ | ૧૪૪૬ | ૫૧૯ | - | - | - |
| ૨૦૧૦-૧૧ | ૫૩૦૩ | ૪૫૫૧ | ૧૮૯૪ | ૬૬૩ | ૨૧ | ૨૧૩ | ૮૦૧ | ૧૪૮૩ | ૪૮૪ | - | ૧૮૫૮ | ૨૫૯ |
| ૨૦૧૧-૧૨ | ૭૨૪૮ | ૪૭૬૭ | ૪૫૧૯ | ૧૦૬૧ | ૩૬ | ૩૭૪ | ૪૭૦ | ૧૯૧૫ | ૪૫૫ | - | ૩૦૬૦ | ૨૩૬ |
| ૨૦૧૨-૧૩ | ૮૨૮૧ | ૩૭૧૪ | ૪૧૬૩ | ૧૨૨૫ | ૧૫ | ૪૧૭ | ૪૮૩ | ૩૦૩૦ | ૪૭૩ | - | ૨૦૪૬ | ૨૨૮ |
| ૨૦૧૩-૧૪ | ૮૯૮૬ | ૪૪૩૪ | ૩૪૮૧ | ૧૦૫૦ | ૨૮ | ૩૬૭ | ૪૬૪ | ૨૩૩૫ | ૫૦૭ | - | ૩૨૩૧ | ૨૯૯ |
| ૨૦૧૪-૧૫ | ૨૨૧૬ | ૩૮૧૩ | ૩૨૮૩ | ૪૨૬ | ૯ | ૧૩૨ | ૩૦૧ | ૧૨૩૭ | ૩૮૦ | ૧૦૦ | ૧૨૯૮ | ૧૦૩ |
| ટોટલ | ૫૮૮૪૯ | ૨૯૬૨૨ | ૪૨૨૭૬ | ૭૭૮૩ | ૨૦૮ | ૨૭૭૪ | ૪૯૨૮ | ૧૫૮૯૨ | ૪૪૪૪ | ૧૦૦ | ૧૧૪૯૩ | ૧૧૨૫ |

**તા ૦૨.૦૫.૨૦૧૪ થી ૦૬.૦૭.૨૦૧૪ સુધી નો અહેવાલ**

(૧) યુરોલોજી કેમ્પ - યોજાયેલ જેમાં ૧૩૭ દર્દીઓ એ લાભ લીધેલ., (૨) તા. ૨૪.૦૮.૨૦૧૩ ના રોજ તારા ફાઉન્ડેશન કોલકતા દ્વારા કેન્સર નિદાન કેમ્પ યોજાયેલ જેમાં ૧૨૫ દર્દીઓએ લાભ લીધેલ. (૩) તા.૨૭.૨.૨૦૧૪ ના નિરોણાખાતેપાટીદાર સર્વોદય સેવા સંઘ દ્વારા દાંત નિદાન કેમ્પ યોજાયેલ જેમાં ૧૦૧ દર્દીઓએ લાભ લીધેલ. (૪) તા. ૩૦.૬.૨૦૧૪ ના દેવાશિષ હોસ્પિટલમાં નાક કાન ગળા નો ડો. દેવેન્દ્ર ઠક્કર ના સહયોગ થી નિદાન કેમ્પ યોજાયેલ જેમાં ૩૬ દર્દીઓ એ લાભ લીધેલ. (૫) તા.૨૮.૯.૨૦૧૪ ના શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ તથા દેવાશિષ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયેલ જેમાં ૧૨૦ બોટલ ડોનેશન થઈ.

# આપણાં સહુની પત્રિકા એટલે સનાતન પત્રિકા - સમાજનું મુખપત્ર

આપણા સૌ જ્ઞાતિજનોને એક સુત્રમાં રાખવાનું માટે આપણી સંસ્થા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણામાં બનેલી છે, જેના નેજા હેઠળ ૨૯ ઝોન અને આપણે કેન્દ્રીય યુવા સંઘ તેમજ કેન્દ્રીય મહિલા સંઘ કામ કરી સમાજમાં સંગઠનને મજબુત બનાવીને સમાજને પ્રગતિના અવનવા શિખરો પર લઈ જવા હમેશા અગ્રેસરહોય છે.આપણા મહાન વડીલોએ જયારથી આપણને સાચો સનાતનનો રસ્તો દેખાડ્યો છે, ત્યારથી આપણે એક સાચા હિંદુ તરીકે ગર્વની અનુભૂતિ સાથે અન્ય હિંદુ સમાજો સાથે માથું ઊંચું રાખી શક્યા છીએ. આજે આપણા સમાજને અન્ય હિંદુ સમાજો એક આદર્શ અને જેનું અનુકરણ કરવા જેવો હોય, તેવા સમાજ તરીકે ગણે છે. કચ્છ અને કચ્છ બહાર, ભારતના ખૂણેખૂણે, જ્યાં પણ આપણે વસ્યા છીએ, ત્યાં આપણા સમાજના લોકોએ પોતાની એક આગવી ઓળખ ઉભી કરી છે. અરે આટલું જ નહીં, આજે આપણા ઊંજાસ્થિત સમસ્ત કડવા પાટીદાર સમાજના આગેવાનોપણ આપણા સમાજની પ્રગતિની મિસાલો અન્ય કડવા પાટીદારસમાજોમાં આપતા હોય તેવા કિસ્સાઓ પણ સાંભળ્યા હશે.

આટલીગતિથી આપણી પ્રગતિ કેવી રીતે થઇ. તેના પાછળ આપણા મહાન વડીલોની અથાગ મહેનત તો હતીજ પણ જાણતા અજાણતા એવું શું થયું કે સમાજના પાયામાં કે મૂળમાં એવો કેવો પાયાનો પથ્થર રાખવામાં આવ્યો હતો? એવો સવાલ પોતાની જાતને જયારે કરશું ત્યારે સમજાશે કે સમાજના તે વખતના વડીલો કદાચ ભણતરમાં આજના સમય પ્રમાણે ઓછા ભણેલા હશે, પણ તેવોએ એક મૂળભૂત કામ, ક્રાંતિના તે સમયે કરેલ હતું. અને તે હતું લખાણ અને તે લખાણને જન જન સુધી પહોંચાડવું. તે સમયે જયારે આપણો સંપૂર્ણ સમાજ ધર્મના અંધકારમય રસ્તા પર ચાલતો હતો, તેને સનાતન ધર્મના દિવ્ય પ્રકાશમય રસ્તા પર લાવવા માટે, લોકોને સાચી હકીકતથી જાગૃત કરવા માટે અને લોકોને પ્રેરિત કરવા માટે તે વખતના લખાણોએ જે મૂળભૂત કામ કર્યું છે. તેના કારણે આપણે આજે પોતાને સનાતની તરીકે ઓળખાવીને ગર્વ અનુભવી રહ્યા છીએ. એ સમયે જે માહિતીનું આદાનપ્રદાન થયું હતું, તે આપણી એટલે કે આપણા સમાજની પ્રગતિનું એ મૂળ કારણ હતું, જેના મીઠાં ફળ આજે આપણે ખાઈ રહ્યા છીએ.

આ સંસ્થા છેલ્લા ઘણા વરસોથી સુચારુ રૂપે પ્રગતિ કરતી આવી છે. કચ્છના દરેક પાટીદારોના ગામોમાં સમાજ વાડીઓ અને મંદિરો છે જ પણ આપણાસમાજના લોકોએ ભારત ભરમાં, કહેવાય છે કે લગભગ ૫૦૦ થી વધારે સમાજ-વાડીઓ અને અનેક ભગવાનના મંદિરો ઉભા કર્યાં છે. આ બધા સમાજો આપણા આ સમાજો સાથે સંલગ્ન છે. છેલ્લા અમુક વર્ષોની પ્રગતિનો પ્રચાર-પ્રસાર કદાચ થવો જોઈએ, તે પ્રમાણે થયો નથી.

હાલમાં છેલ્લા થોડા સમયથી સમાજમાં વાદવિવાદો ખુબજ વધી ગયા છે. વાદવિવાદોને સમાજના આંતરિક ઝગડાઓના પ્રતીક તરીકે ન જોતા સમાજમાં થતીઅંદરો અંદર ક્રાંતિ અને સાચા અર્થમાં સમાજ હિતમાં થતો બદલાવનો પ્રતિક છે, તેવું જોવાની અને અન્ય લોકોને સમજાવવાની અત્યારના સમયની માંગ છે. આપણા સમાજના આદ્ય સુધારક શ્રી નારાયણ બાપા, સમાજના સદ્ ગુરુ શ્રીઓધવરામ મહારાજના, સંતદયાલરામ મહારાજ અને સંત વાલરામ મહારાજના સમયમાં થયેલ બદલાવોના પ્રયાસથી એક નાના એવા બદલાવથી સમાજ આજે પસાર થઇ રહ્યો છે. સંસારનો નિયમ છે કે બદલાવને હમેશા પહેલા પ્રતિરોધનો સામનો કરવો પડે છે. પણ જયારે સમજાયકે બદલાવ માત્ર સમાજ માટે નહીં પણ સમસ્ત જ્ઞાતિમાટે લાભદાયી છે ત્યારેબદલાવને લોકો પ્રતિરોધના બદલે સમર્થન આપવા લાગે. હાલના સમયમાં જયારે સમસ્ત ભારત ભરમાં આ બદલાવને લોકોનું સમર્થન મળી રહ્યું છે, ત્યારે અમુક ખૂણાઓથી પ્રતિરોધનો સામનો કરવો પડે છે. આવા સમયમાં સમાજની અને આપણી શક્તિઓનો ઉપયોગ આ પ્રતિરોધ રૂપી વાદવિવાદોનો અંત લાવવા માટે થઇ રહ્યો છે. આથી કરીને સમાજની પ્રગતિ કે વિકાસ કાર્યો જે ઝડપથી થવા જોઈએ તે ઝડપથી થઇ શકતા નથી. જેમ સમાજના આદ્યસુધારક નારાયણ બાપાના સમયમાં માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવી અને ધર્મની દૃષ્ટિને જ્ઞાતિમાં ક્રાંતિ આવી, તેમ આજના સમયમાં પણ આધાર ભૂત સુત્રોથી અને સાચી માહિતી લોકો સુધીસમય સમયે પોહ્ચાડવીએ સમયની માંગ છે. આજના સમયમાં ઘણા સમાચાર પત્રો છે, ઇન્ટરનેટ જેવી આધુનિક સુવિધા છે, પણ સમાજ વિરોધીઓ આવા માધ્યમોનો ઉપયોગ ખોટી અને ભ્રામક માહિતી લોકો સુધી પહોંચાડી તેમને મૂંઝવણમાં મૂકવા માટે કરી રહ્યા છે. રણભૂમિ હોય કે સંઘર્ષ હોયકે પછી કલિયુગમાં સંઘ શક્તિની બોલબાલા હોય ત્યાં લડાઈ જીતવી હોય તો લોકોની સંઘ શક્તિને સાચા માર્ગે એજ લઇ જઈ શકે કે જેના પાસે માહિતી (કેઇન્ફોર્મેશન) પરકાબુ (કેકંટ્રોલ) હોય. હાલમાં સમાજ વિરોધી તત્વો સામેની લડાઈ જીતવા માટે આજ ના સમયની માંગ છે કે માહિતી પર આપણા સમાજનો પૂરે પૂરો કંટ્રોલ હોય. ખોટી માહિતીની મદદથી કોઈ પણ માણસ સમાજને કે સમાજના લોકોને મૂંઝવણમાં ન નાખી શકે તેનું ધ્યાન આપણે રાખવું પડશે અને તૈયારી કરવી પડશે.સમાજ વિરોધી લોકોની રણનીતિને તોડવા માટે આપણા સમાજ તરફથી પોતાનું એક માધ્યમ હોય જેમાં પ્રસારિત સમાચારો આધારભૂત છે, તેવી સમાજના લોકોને ખાતરી હોય તો ભ્રામક સમાચારો અને દુષપ્રચારથી લોકો બચી શકે તેવી એક વ્યવસ્થા ઉભી કરવાનો આ એક પ્રયાસ છે.

સીધા મુદ્દા ઉપર આવીએતો સતપંથ-સનાતન વિવાદ હોય અથવા માંડવી હોસ્ટેલની જમીનનો વિવાદ હોય. સામ સામા આક્ષેપો અને પ્રતિ આક્ષેપોવાળી જાહેરાતોથી કચ્છમિત્ર અને અન્યના છાપાંઓના પાનાંઓ હમેશા ભરાતા રહ્યા છે અને સમાજના પૈસાઓ ખોટી રીતે વેડફાયછે. આ બન્ને મુદ્દાઓમાં કોણ સાચું કે કોણ ખોટું તે આપણે સહુ જાણીએ છીએ અનેએ હકીકત નિર્વિવાદ પણે સાબિત થઇ ચુકી છે કે આ બાબત સામેના પક્ષકારો દ્વારા દુષ પરિણામોને જાણતા હોવા છતાં આપણા ગૌરવશાળી સમાજ અને જ્ઞાતિની ગરિમાને મોટું નુકસાન પહોચાડ્યું છે.

વધુમાં તા.૧૧/૮/૨૦૧૪ ના રોજેશ્રી ક. ક. પાટીદાર જ્ઞાતિના મુખ્ય કેન્દ્રીય સ્થાન વિદ્યાર્થી ભવન નખત્રાણા ખાતે મળેલ કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં વિશાળ જ્ઞાતિજનો, ઉમિયા માતાજી વાંઢાયના આદરણીય પ્રમુખ શ્રી હંસરાજભાઈ ધોળુ, સંસ્કાર ધામદેશલપરના ઉપપ્રમુખ શ્રી રામજીભાઈ ડાહ્યાણી, મહિલા મંડળ, યુવા સંઘ અને ભારત ભરના ૨૯ ઝોનના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીઓ અને કારોબારી સભ્યોનાજ આદેશથી અગામીત્રણ વર્ષ માટે સમાજની નવી કારોબારીની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં આદરણીયશ્રી ગંગારામભાઈ હીરાલાલસાંખલાની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી અને સાથે હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો અને ટ્રસ્ટીશ્રીઓની પણ વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. પરંતુ ત્યાર પછીનો ઘટનાક્રમ સમાજને કલંકિત કરતો રહ્યો છે. વિવિધ સમાચાર પત્રોમાં પ્રકાશિત ઉપજાવી કાઢેલા નિવેદનોથી જ્ઞાતિજનોને ખુબજ દુ:ખ થયું છે. પોતાના અંગત સ્વાર્થ માટે સમાજને અને લોકોને ગેરમાર્ગે દોરતા આવા ભ્રામક અને જુઠ્ઠા નિવેદનોથી આપણા સંસ્કારી સમાજની પ્રતિષ્ઠાને નીચલા ધોરણ સુધી પોહચાડી દીધી છે અને ઈતર જ્ઞાતિ વચ્ચે આપણી જ્ઞાતિનું નીચા જોવાપણું થયું છે.

આપણી સંસ્કારી જ્ઞાતિની બનેલા કેન્દ્રીય સમાજના સાચાઉદેશો, ગતિવિધિઓ અને અહેવાલોના અર્થ વિવિધ પત્રિકાઓ પોત પોતાની સમજ પ્રમાણે પોતાની રીતે છાપતી રહી છે. આપણા અગ્રેસરો આ વિવિધ પત્રિકાઓના અર્થ તેમની પોતાની સમજ પ્રમાણે કાઢી અને પોતાની રીતે સ્થાનિક ઝોન અને સમાજોમાં પ્રચાર કરી રહ્યા છે. આ બધી ગેર સમજણનું મુળ કારણ આપણા કેન્દ્રીય સમાજનું સત્તાવાર પરિપત્ર ન હોવું. આના કારણે નુકસાન થયું છે અને આપણા કેન્દ્રીય સમાજના સાચા ઉદેશો, ગતિવિધિઓ અને અહેવાલો આપણી ભારત ભરના સ્થાનિક સમાજો અને સામાન્ય વ્યક્તિ સુધી પહોચતા નથી.

નખત્રાણા ખાતે કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં થયેલ ચર્ચા વિચારણાના અંતે સમાજના વિકાસ અને પ્રગતિ માટે વિવિધ ૧૩ સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ સમિતિઓમાં છેલ્લી પણ ખુબજ મહત્વની ''પ્રચાર પ્રસાર સમિતિ''ની નિમણૂંક કરવામાં આવી હતી.

આ પ્રચાર પ્રસાર સમિતિએ પોતાની નૈતિક ફરજ સમજીને કેન્દ્રીય સમાજમાં થયેલ ઉદેશો, ગતિવિધિઓ, અહેવાલો અને સમાજ હિતની જે કોઈ પણ પ્રવૃતિઓ નક્કી કરવામાં આવે તેની માહિતી અને લાભ સમગ્ર ભારતભરની સમાજોમાં પહોચાડવા માટે એક સનાતન પત્રિકા બહાર પાડવાનું નક્કી કરેલ છે. આ સનાતન પત્રિકા થી આપણા કેન્દ્રીય સમાજની સત્તાવાર માહિતીઓ, જાહેરાતો, ઉદેશો અને અહેવાલો આપણી જ્ઞાતિના જનજન સુધી પહોંચશે જેથી કરી ને આપણી સમાજોમાં ફેલાતી ગેરસમજો દુર થઇ જશે અને પ્રત્યેક વ્યક્તિ સમાજની સાચી ગતિવિધિથી માહિતગાર થશે અને સમાજમાં એકરૂપતા આવશે અને આપણું સંગઠન વધશે.

આ સનાતન પત્રિકા અ.ભા.ક.ક. પાટીદાર સમાજનું દર્પણ હશે. સનાતન પત્રિકામાં સમાજની ગતિવિધિ શિવાય આપણા ભારતભરના ૨૯ ઝોનોની ગતિવિધિઓનો અહેવાલ તેમજ તેમના થયેલ કાર્યક્રમો અને આગામી થનાર કાર્યક્રમોની જાહેરાતો હશે. તેમજ ઉમિયા માતાજી વાંઢાય, સંસ્કારધામ દેશલપર, આપણો કેન્દ્રીય યુવા સંઘ અને મહિલા સંઘના અને અન્યસમાજના લોકો ઉપયોગી થયેલ કાર્યક્રમો તેમજ અગામી કાર્યક્રમોની જાહેરાતો અને વિગતો આપવાનો પ્રયાસ હશે જેથીનિયમિતરીતેસમાજના પ્રત્યેક જ્ઞાતિજનોનેજાણ થશે. જેથી કરીને બધા ઝોનોને આપસમાં કાર્યક્રમોની જાણ થશે અને અગામીકાર્યક્રમોમાં બધા ભાગ લઈ શકશે તેથી કરીને આપસમાં સંગઠન થશે.

લોકોને આર્થિક લાભ મળે તે દૃષ્ટિથી આ સનાતન પત્રિકામાંજ્ઞાતિજનો પોતાની વ્યપારનીજાહેરાતોમારફતપણ સહયોગ આપી શકશે. જેથી કરીને આપત્રિકાનો ખર્ચ આપણી સમાજ ઉપર ન રહેતા જાહેરાતો રૂપે કાઢી શકાશે.

અંતમાં વિનંતી સાથે સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે આ સનાતન પત્રિકાસમાજના હિત, સમાજમાં એકરૂપતા અને સાચા અહેવાલો માટે અને નાના મોટા સ્થાનિક સમાજનાહોદ્દેદારોના માર્ગદર્શનમળે તે હેતુથી પ્રકાશિત કરવામાં આવશે. ''પ્રચાર પ્રસાર સમિતિ'' આશા અને વિશ્વાસ રાખે છે કે આ ઉમદા પ્રયાસને સફળ બનાવવા માટે આપ સહુ સમાજના જ્ઞાતિજનોનો સાથ સહકાર મળતોરહેશે અનેઆ પત્રિકા પ્રગતિના પંથે અનંત રીતે સમાજની સેવા કરવામાં હમેશાઅગ્રેસર રહેશે.

**પ્રચાર પ્રસાર સમિતિ વતીથી**

**આ સનાતન પત્રિકા વિષય પર આપના કોઇ અમુલ્ય સુચનો, સુજાવો, જાહેરાતો આવકાર્ય છે. આપ આ સમિતિને સંબોધીને લેખિત રૂપે અથવા ઈ-મેલ આઈડી kkpsamiti@gmail.com પર નિ:સંકોચ મોકલવા વિનંતી છે.**

With Best Compliments From.........
OM ASSOCIATES
DEVELOPER
Mahesh Velani
9821231731
Prashant Velani
9821125981
1st Floor, Ganesh Bhuvan, Tilak Road,
Ghatkopar (East), Opp. Axis Bank,
Mumbai - 400 077.

With Best Compliments From
SP STANDARD PRODUCTS
Chandrakant Patel
322, Zest Business Spaces,
M G Road, Ghatkopar East,
Mumbai 400 077. India
Phone: +91-22-25083300

ક્ષમા યાચન : આ પત્રિકામાં પ્રકાસીત વીચારો તથા અભિપ્રાયો વગેરે લેખકોના છે અને તેમાથી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ સહમત છે તેમ સમજી લેવું નહીં.
આ પત્રિકામાં મુદ્રણ કે કોઇ અન્ય માહિતી, વિગત ને આધારે મુદ્રણ કે કોઇ અન્ય ક્ષતિ રહી ગઇ હોય તો હૃદયપૂર્વક ક્ષમા ચાહીએ છીએ